eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 373
September 26, 2014

## કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશથી તથા વરાછા ઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછા ઝોનના મોટાવરાછા વિસ્તારમાં "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" કાર્યક્રમ બાબતઃ–

કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશથી તથા વરાછા ઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછા ઝોનના મોટાવરાછા વિસ્તારમાં "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" કાર્યક્રમના ભાગરૂપે તા.૧૮ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં દબાણ સ્ટાફ મારફત સ્થળ પરથી દૂર કરવા ડિમોલીશનની કામગીરી બાબતઃ–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૪૧(ડીંડોલી),ફા.પ્લોટ નં.૯૧/બી માં આવેલ રામદેવ નગર સોસાયટી રહેણાંક વસાહત ના પ્લોટ નં.૧ થી ૪ માં મિલ્કતદાર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૧૮/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૮/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૧૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૫,૪૫૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "નવરાત્રી મેળા – ૨૦૧૪"

મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે અગામી નવરાત્રી પર્વ નિમિત્તે આ તહેવાર સંબંધિત ચીજ વસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ કરતી મહિલાઓ તથા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબો માટે આવાસ પુરા પાડવા

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબો માટે આવાસ પુરા પાડવા સારૂ જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશનના સબમીશન બેઝીક સર્વિસ ટુ ધ અર્બન પુઅરની યોજના હાલમાં અમલીકૃત છે. જે અંતર્ગત આવાસ બાંધકામ કરવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત સરકાર ધ્વારા રાજયની તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચાલતા તમામ બ્રીજોના કામો તથા ભવિષ્યમાં બનનાર બ્રીજોના કામોએ ડીઝાઈન અને ડ્રોઈંગની પ્રુફ ચેકીંગની કામગીરી બાબતઃ–

ગુજરાત સરકાર ધ્વારા રાજયની તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચાલતા તમામ બ્રીજોના કામો તથા ભવિષ્યમાં બનનાર બ્રીજોના કામોએ ડીઝાઈન અને ડ્રોઈંગની પ્રુફ ચેકીંગની કામગીરી આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગર પાસે કરાવવા માટેનો પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. જે...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૨૪/૦૯/૨૦૧૪ ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ધ્વારા ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓને માળખાકીય વિકાસ કાર્યો માટે સહાયના ચેકોની અર્પણવિધીનો કાર્યક્રમ યોજવામાં આવેલ.

તા.૨૪/૦૯/૨૦૧૪ ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ધ્વારા ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ તથા ...

[વધુ માટે કલીક કરો >>>>>>]

## સુરતઃ– ભારત સરકારનું શહેરી વિકાસ મંત્રાયલ દેશના શહેરી વિસ્તારોમાં " સંપૂર્ણ સ્વચ્છતા " નું ધ્યેય પ્રાપ્ત કરવા કટિબધ્ધ છે. તે અંતર્ગત તા.૨૫/૦૯/૨૦૧૪ થી તા.૦૨/૧૦/૨૦૧૪ દરમ્યાન " સ્વચ્છ ભારત સપ્તાહ " ઉજવવા બાબતઃ–

સુરતઃ– ભારત સરકારનું શહેરી વિકાસ મંત્રાયલ દેશના શહેરી વિસ્તારોમાં " સંપૂર્ણ સ્વચ્છતા " નું ધ્યેય પ્રાપ્ત કરવા કટિબધ્ધ છે. તે અંતર્ગત તા.૨૫/૦૯/૨૦૧૪ થી તા.૦૨/૧૦/૨૦૧૪ દરમ્યાન " સ્વચ્છ ભારત ...

[વધુ માટે કલીક કરો >>>>>>]

## ગુજરાત સરકાર ધ્વારા રાજયની તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચાલતા તમામ બ્રીજોના કામો તથા ભવિષ્યમાં બનનાર બ્રીજોના કામોએ ડીઝાઈન અને ડ્રોઈંગની પ્રુફ ચેકીંગની કામગીરી

ગુજરાત સરકાર ધ્વારા રાજયની તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચાલતા તમામ બ્રીજોના કામો તથા ભવિષ્યમાં બનનાર બ્રીજોના કામોએ ડીઝાઈન અને ડ્રોઈંગની પ્રુફ ચેકીંગની કામગીરી આર. એન્ડ બી. ...

[વધુ માટે કલીક કરો >>>>>>]

## સ્વચ્છ ભારત સપ્તાહ ૨૦૧૪

સ્વચ્છ ભારત સપ્તાહ ૨૦૧૪ અંતર્ગત તા.૨૫/૦૯/૨૦૧૪ થી તા.૦૨/૦૯/૨૦૧૪ દરમ્યાન તારીખવાર કરવાની રહેતી સ્વચ્છતા સંબંધીત વિવિધ પ્રકારની કામગીરીઓ પૈકી તા.૨૮/૦૯/૨૦૧૪ ના રોજ શહેરના સાત ઝોન વિસ્તારમાં ...

[વધુ માટે કલીક કરો >>>>>>]

## કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશથી તથા વરાછા ઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછા ઝોનના મોટાવરાછા વિસ્તારમાં ''મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન'' કાર્યક્રમ બાબતઃ–

કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશથી તથા વરાછા ઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછા ઝોનના મોટાવરાછા વિસ્તારમાં ''મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન'' કાર્યક્રમના ભાગરૂપે તા.૧૮ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ રાખવામાં આવેલ સમૂહ સફાઈ અભિયાનમાં ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, કોર્પોરેટરશ્રી ધનજીભાઈ ચાવડા, કોર્પોરેટરશ્રી વિજયભાઈ પટેલ તથા કોર્પોરેટર શ્રીમતિ ઉર્વશીબેન રામીમાળી ઉપસ્થિત રહયા હતા. આ અભિયાન દરમ્યાન કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાએ વિસ્તારનો રાઉન્ડ લઈ જરૂરી સુચનાઓ તથા માર્ગદર્શન આપેલ છે. આ અભિયાનમાં વરાછા ઝોનના આરોગ્ય વિભાગ,ઈજનેરી વિભાગ,ગુમાસ્તાધારા વિભાગ તથા આકારણી વિભાગના ૭૮ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૨૭૭ સફાઈ કામદાર બેલદાર મળી કામગીરી કરેલ છે. સદર કામગીરી દરમ્યાન ૫૩ મેટ્રીક ટન જેટલા માટી મિશ્રિત કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. તેમજ ૦૫ આંગણવાડીઓની સફાઈ,૦૩ શૈક્ષણિક સંસ્થાની સફાઈ,૦૫ ધાર્મિક સ્થાનોની સફાઈ,૦૫ ખુલ્લા પ્લોટની સફાઈ,બિન આરોગ્યપ્રદ શાકભાજી ૧૦ કિલો ગ્રામનો નાશ,૦૧ ટ્રાફિક સર્કલની સફાઈ કરવામા આવી છે તથા રેસ્ટોરન્ટ ચેક કરી ૬ કિલો ગ્રામ અખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રચારગાડી મારફત સમગ્ર મોટા વરાછા વિસ્તારમાં જનજાગૃતિ માટે પ્રચાર પ્રસાર કરાવવામાં આવેલ છે.

આ ઉપરાંત કમ્પલેઈન મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા મળેલ ૧૪ જેટલી સફાઈની ફરીયાદ તથા ડ્રેનેજ ઓવરફલોની ૦૪ ફરીયાદનો નિકાલ કરાવેલ છે. તેમજ ૦૫ કન્ટેનર સ્પોટ પર સફાઈ કરાવી જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરાવેલ છે. વેકટર બોર્ન ડીસીસ કંટ્રોલ વિભાગ દ્વારા ૧૮૪૪ ઘરોમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે કરી કુલ ૨૮ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ. મચ્છરની ઉત્પતિ અટકાવવા ૪૭ બાંધકામો તેમજ રેસીડેન્સીયલ યુનિટોમાં ૯૨૦ પાણીની ટાંકીઓ ચેક કરવામાં આવી, ૧૩૨ સ્લાઈડ લેવાની કામગીરી તથા ૦૩ ઈસમોને નોટીસ આપવાની કામગીરી કરવામાં આવેલ તેમજ તેઓ પાસે રૂા.૨૦,૦૦૦/– જેટલો વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ. બાંધકામમા ૦૫ જગ્યાએ માછલી મુકવાની કામગીરી કરવામાં આવેલ. તથા ૦૨ જેટલા ટાયર, ૦૨ કેરબા, ૦૩ ડબ્બા અન્ય ૦૭ વિગેરે નકામી વસ્તુઓનો નિકાલ કરાવવામાં આવેલ છે. ૯૭૧ કી.ગ્રા.દવા છંટકાવની કામગીરી કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉપરાંત દબાણ વિભાગ દ્વારા ૦૨–કેબીન, ૨૧૪–બેનર બોર્ડ ઉપાડાવી દંડ પેટે રૂા.૩૫૦૦/– વસુલ કરવામાં આવેલ છે. તેમજ ૬૦ રનીંગ મીટર ડીવાડર રીપેરીંગની કામગીરી તથા ૦૧ વરસાદી જાળીયુ,૧૦ ચો.મી. વોટર ટેબલ રીસેટ તેમજ ફુટપાથ રીસેટ કરવાની કામગીરી, ૬૬૫ ચો.મી. પેચવર્કની કામગીરી કરવામાં આવેલ છે તથા ૨૩૮ વ્યકિતગત શૌચાલય બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ ઝુંબેશમાં ઝોનના લાઈટ વિભાગ દ્વારા ૧૨ જે.બી. બંધ કર્યા, ૧૪ સ્ટ્રીટ લાઈટ ચાલુ કરી તેમજ ૦૯ ફીટીંગ્સની સફાઈની કામગીરી કરાવવામાં આવેલ છે.

આકરાણી વિભાગ દ્વારા રૂા.૧૧,૦૦,૯૨૩/– પ્રોફેશનલ ટેક્ષ તથા રૂા.૪૮,૬૦,૦૦૦/– પ્રોપર્ટી ટેક્ષ વસુલ કરવામાં આવેલ છે.

સમગ્ર અભિયાન દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા ૪૮ ઈસમોને નોટીસ આપવાની તથા ૮૪ ઈસમો પાસેથી રૂા.૩૨૯૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

ઉપરોકત સમગ્ર કામગીરી પૂર્વ(વરાછા) ઝોનના આરોગ્ય સ્ટાફ તથા ઈજનેરી સ્ટાફ તેમજ સાધન સામગ્રી સાથે કરવામાં આવેલ છે

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં દબાણ સ્ટાફ મારફત સ્થળ પરથી દૂર કરવા ડિમોલીશનની કામગીરી બાબતઃ–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૪૧(ડીંડોલી),ફા.પ્લોટ નં.૯૧/બી માં આવેલ રામદેવ નગર સોસાયટી રહેણાંક વસાહત ના પ્લોટ નં.૧ થી ૪ માં મિલ્કતદાર તરફથી કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અત્રેના ઝોનના શહેર વિકાસ,દબાણ સ્ટાફ મારફત સ્થળ પરથી દૂર કરવા ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ. મિલ્કતમાં બીજા માળનો આર.સી.સી. સ્લેબ ભરવાનાં ઈરાદે કરવામાં આવેલ સેન્ટરીંગ /સટરીંગ તથા આર.સી.સી. કોલમ સ્થળ પરથી દૂર કરવામાં આવેલ તથા આજુ–બાજુની મિલ્કતને નુકશાન ન થાય તે હેતુ થી બાકીનું બાંધકામ પોતાના ખર્ચે તથા જોખમે દુર કરવાની મિલ્કતદાર તરફથી લેખિત બાહેંધરી આપવામાં આવેલ. મિલ્કતદાર પાસેથી ૫૦,૦૦૦/– ડિમોલીશન ચાર્જ તેમજ ૫૦,૦૦૦/– ડીપોઝીટ પેટે વસુલવામાં આવેલ છે.

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) દ્વારા
## ફકત ૪ જ દિવસમાં રૂા.૨ કરોડ ૩૬ લાખની મિલ્કત વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ઝોનલ ચીફશ્રી જે.ક.શાહ સાહેબના માર્ગદર્શન હેઠળ સને ૨૦૧૪–૧૫ ના વેરાબીલો મહંદઅંશે કરદાતાઓને પહોંચાડવામાં આવેલ છે. હવે ઝોન દ્વારા વેરા વસુલાત ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે.આથી મોટી સંખ્યામાં કરદાતાઓ વેરો ભરી રહયા છે.તા.૧૫/૦૯/૧૪ થી ૧૮/૦૯/૧૪ ના ૪ જ દિવસમાં લિંબાયત ઝોનને રૂા.૨,૩૬,૨૬,૦૩૫/– જેટલી વિક્રમસર્જક વેરા વસુલાત કરેલ છે. જેમાં મુખ્ય ગોડાદરા–પરવટ રોડની સોસાયટીઓ તથા રીંગરોડની ટેક્ષટાઈલ માર્કેટો ના વેરાની આવકનો સમાવેશ થયેલ છે.

વ્યવસાય વેરા વિભાગે પણ વ્યવસાય વેરાની વસુલાત ઝુંબેશ વધુ ઘનિષ્ઠ બનાવેલ છે. જેમા મોટી મોટી ઈન્ડ. પ્રોપર્ટીઓમાં સીલ મારવાની શરૂઆત કરેલ છે. જેના ભાગરૂપે ભવાની ઈન્ડ. માં સીલ મારવાની કામગીરી ચાલે છે. તા.૧૫/૦૯/૧૪ થી તા.૧૮/૦૯/૧૪ સુધીમાં વ્યવસાય વેરા વિભાગે રૂા. ૩૯,૫૭,૫૧૧/– ની વસુલાત કરેલ છે.

આવનારા દિવસોમાં મિલ્કત વેરાની વસુલાત તથા વ્યવસાય વેરાની વસુલાતની ઝુંબેશના ભાગરૂપે વધુ આકરા પગલા લેવામાં આવનાર છે. આથી તમામ કરદાતાઓને તેમનો મિલ્કત વેરો અને વ્યવસાય વેરો તાકીદે ભરવા જાણ કરવામાં આવે છે.

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૧૮/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૬૪૪૩૭ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૪૧૪૭૫ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૬૮૧ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૬૬૭૩ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૫૨૪ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૩૪૯ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૭૯ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૫૪ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૧૯૦ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૮ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૨૫૪ નોટિસો આપવામાં આવી અને ૨૪૦૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્ચ્રછરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૮/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૧૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૫,૪૫૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૮૨૨ ઘરનો સર્વે કરવામાં આવેલ જે પૈકી ૬૫૪ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૭૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૮ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૨૯,૮૭,૭૬૮/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા પુર્વા ઈન્ડ., નિલકંઠ ઈન્ડ.,રામેશ્વર ઈન્ડ., પટેલ ૧–૨–૩ ઈન્ડ.વેડરોડ,નંદુડોશીની વાડી, ગોતાલાવાડી વિસ્તારમાંથી રૂા.૯,૭૫,૩૧૫/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૭૨ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૨૩,૯૨,૨૧૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા.૭૫,૪૬૪/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

આરોગ્ય વિભાગ દ્વારા તા.૧૮/૦૯/૧૪ ગુરૂવારના રોજ " ઓપરેશન હેલ્થ કેર" અંતર્ગત અખંડ આનંદ અને ડભોલી વોર્ડ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી નીચે મુજબ છે.

**<u>સુપરવાઈઝરી સ્ટાફ</u>** (૧) F.S.O.(૨) S.I (૩) S.S.I.(૪) મુકાદમ

(૧) હોટલ/ખાણીપીણીની લારી/રેકડીઓ/ખાદ્ય પદાર્થનું ચેકીંગની સંખ્યા :– ૨૪

(૨) સડેલાં કાપેલા/ખુલ્લા રાખેલા ફળો શાકભાજી ખાદ્ય પદાર્થનો નાશ કરેલ કિ.ગ્રા.:–૦૬

(૩) સંસ્થાઓને આપેલ નોટીસ/ચેતવણીની સંખ્યા :– ૦૮

(૪) વહીવટી પરચુરણ ખર્ચ વસુલ લીધેલ ઈસમોની સંખ્યા :–૧૨

(૫) વહીવટી પરચુરણ ખર્ચ વસુલ લીધેલ રૂપિયા :૧,૮૦૦/–

(૬) વોર્ડમાં આવરી લીધેલ વિસ્તાર :– હરીઓમ મેઈન રોડ, કતારગામ–સીંગણપોર મેઈન રોડ, મીનાનગર રોડ, કતારગામથી ડભોલી ચાર રસ્તા, નવા મહોલ્લાથી ડભોલી રોડ.

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૧૯/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૬૯૨૩૪ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૫૨૭૯૨ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૮૩૦ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૫૯૮૭ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૪૯૮ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૩૯૦ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૫૧ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૫૧ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૧૮૮ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૮ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૩૧૧ નોટિસો આપવામાં આવી અને ૩૩૨૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

## "નવરાત્રી મેળા – ૨૦૧૪"

મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે અગામી નવરાત્રી પર્વ નિમિત્તે આ તહેવાર સંબંધિત ચીજ વસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ કરતી મહિલાઓ તથા મહિલા સંગઠનોને વેચાણ માટે સીધે– સીધુ બજાર મળી રહે, તે હેતુથી સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૧ થી  ૨૫ સપ્ટે–'૧૪ સુધી સવારે ૧૧.૦૦ થી રાત્રે ૧૧.૦૦ વાગ્યા સુધી **"નવરાત્રી મેળા–૧૪"**નું  આયોજન કરવામાં આવેલ છે.  સદર મેળામાં નવરાત્રી ઉત્સવ સંબંધી ચીજ વસ્તુઓ જેવી કે "નવરાત્રી માટેની જવેલરી, દાંડીયા, ચણીયા–ચોળી, ટ્રેડીશનલ ડ્રેસ, ગૃહસુશોભનની ચીજ–વસ્તુઓ, રોશનીનો સામાન, પુજાપાનો સામાન" વિગેરેના પ્રદર્શન તેમજ વેચાણ માટે નીચેના સ્થળોએ 'નવરાત્રી મેળા–'૧૪'નું આયોજન કરવામાં આવેલ હોય, જેનો સુરત શહેરની જાહેર જનતાએ લાભ લઈ મહિલા સશક્તિકરણના આ પ્રયત્નોને વધુ વેગવાન બનાવવામાં સહયોગ આપવા અપીલ છે.

– ::: મેળાના સ્થળો  :::–

- ૧.પ્રાઈમ આર્કેડ પાસે, સહજ સુપર સ્ટોર્સની સામે, અડાજણ, સુરત.
- ૨.નારી સંરક્ષણ ગૃહ પાસે,અંધજન શાળાની સામે, ઘોડદોડ રોડ,સુરત
- ૩.લાલદરવાજા શાકભાજી માર્કેટ, લાલ દરવાજા, સુરત
- ૪.બરોડા પ્રેસ્ટીંજ, વરાછા રોડ, વરાછા, સુરત
- ૫.મદનપુરા શાકભાજી માર્કેટ, ન.પ્રા.શાળાની સામે, લિંબાયત,સુરત
- ૬.ગુજરાત હાઉસિંગ બોર્ડ, શાકભાજી માર્કેટ, પાંડેસરા,સુરત.
- ૭.પારસ શાકભાજી માર્કેટ, પારસ પોલીસ ચોકી પાસે, કતારગામ, સુરત
- ૮.શાકભાજી માર્કેટ, અમરોલી બ્રીજ સર્કલ પાસે, અમરોલી, સુરત

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૨૦/૦૯/૨૦૧૪ ના રોજ રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્ર, રાંદેર બસ સ્ટેન્ડ પાસે, રાંદેર બસ સ્ટેન્ડ પાસે, રાંદેર, સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રૂગ્ણાલયો,વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિનાં અધ્યક્ષશ્રી ડો.રવીન્દ્રભાઈ પાટીલ,ગટર સમિતિ અધ્યક્ષશ્રી વિનોદભાઈ પટેલ,આરોગ્ય અધિકારી અને ઇ.ચા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિ.)ડો.હેમંત દેસાઈ,આસી.કમિશ્નરશ્રી એ.એમ.રાજ,નાયબ આરોગ્ય અધિકારીશ્રી દિનેશ પટેલ,ડે.ઈજનેરશ્રી વી.ડી.ચૌધરી તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, રાંદેર/ પાલનપોર/ અડાજણ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો,આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિ.) ડો.હેમંત એસ.દેસાઈએ કાર્યક્રમ સંબંધી જાણકારી આપી હાજર રહેલા આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકા છેલ્લા નવ વર્ષથી વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પોનું આયોજન કરે છે. "સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે. જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર / નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે. નાગરીકોને આવા વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો લાભ લેવા જણાવ્યુ તથા મહિલા સશકિતકરણ વિષે જાણકારી આપી હતી. તથા ૨૫ સપ્ટે થી ૨ ઓકટો દરમ્યાન મહાત્માં ગાંધી જંયતિ નિમિતે સફાય અભિયાનમાં જોડાવવા શહેરી જનોને અપીલ કરી હતી. તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને મદદરૂપ થવા જણાવ્યુ હતુ.

રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષશ્રી ડો.રવીન્દ્રભાઈ પાટીલ એ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે ચોમાસાની ઋતુમાં રોગચાળાનુ પ્રમાણ વધારે જોવા મળતુ હોવાથી સુરત મહાનગરપાલિકા આવા મેડીકલ કેમ્પો દરેક ઝોન માં યોજે છે.તેમજ જાહેર જનતાને રોગચાળા વિશે જ્ઞાન મળે તે માટે આરોગ્ય લક્ષી પ્રદર્શન પણ દરેક ઝોનમાં યોજે છે જેથી જાહેર જનતાને આવા નિષ્ણાંત ડોકટરોની સેવા લેવા અનુરોધ કર્યો હતો.તેમજ પ્રદર્શનનો લાભ લેવા જણાવ્યુ હતું અને સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉત્તમ પ્રકારની તમામ આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત કરવા સ્મીમેર હોસ્પીટલ, મસ્કતિ હોસ્પીટલ તથા ૪૧ શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે જવા અનુરોધ કર્યો છે.

આરોગ્ય સમિતિ અધ્યક્ષશ્રી અનીલભાઈ બીસ્કીટવાલા પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે આ વર્ષનો આ બારમો મેડીકલ કેમ્પ છે. સુરત શહેરનો ખુબજ ઝડપથી વિકાસ થઈ રહયો છે. જેની સાથે સાથે સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉતમ પ્રકારની તમામ આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સતત જાગૃત છે.જે રંતર્ગત સુરત મહાનગરપાલિકા તમામ જોનમાં સ્લમ–સ્લમલાઈક વિસ્તારોમાં પ્રતિ વર્ષ વિનામૂલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પો યોજાય છે. જેનો લાભ લેવા નાગરીકોને વિનંતી કરી છે. મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી નાગરિકોને સ્વચ્છતા અંગે કાળજી રાખવા, યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તાકેદારી રાખવા તથા મેડીકલ કેમ્પનો લાભ લેવા જણાવ્યું હતુ."

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પમાં વિજયાનગર શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના <u>કુલ ૪૨૨</u> લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૪૬, ચામડીના નિષ્ણાત દ્વારા ૧૦૬, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૧૫, બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૩૦, ફિઝીશ્યન દ્વારા ૭૧, સર્જન દ્વારા ૦૮, મેડીકલ ઓફીસર દ્વારા ૪૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૧૭૩ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૨૩ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ ૧૬ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૭૩૬ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો જેવા કે નિરોધ ૩૨૦, ઓરલ પીલ્સ ૨૫ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૨૧૫ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૪ બાળકને બી.સી.જીની રસી, ૦૧ બાળકોને પેન્ટાવેલેન્ટની રસી,૦૬ બાળકોને પોલીયોની રસી,૦૪ બાળકોને ડીપીટીની રસી,૦૧. બાળકોને ઓરીની રસી, તથા ૦૧ મધર ટી.ટી. ની રસી આપવામાં આવી હતી

**<u>નોંધ :–</u>** આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ.૨૦/૦૯/૧૪ ના રોજ રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્ર,ખાતે રાખવામાં આવ્યો છે.જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

## મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન બાબતઃ–

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત માનનીય કમિશ્નરશ્રીની સુચના અનુસાર લિંબાયત સાઉથ ઈસ્ટ ઝોનમાં "Integrated Health - Engineering Action Plan" મુજબ **તા.૨૦/૦૯/૨૦૧૪** ના રોજ સવારે ૮.૦૦ થી બપોરે ૨.૦૦ દરમ્યાન **આંજણા વોર્ડ અને મગોબ વોર્ડ વિસ્તાર (૧) શ્રમજીવી રોડથી સત્યમ એપાર્ટમેન્ટ, સીલ્વરનગરના ખાંચા, રિધ્ધિ સિધ્ધિ ઈન્ડસ્ટ્રીયલ થઈ આનંદનગર, આશાનગર, સંજયનગર પોલીસ ચોકીથી નવા કમેલા ૮૦ ફુટના બંને તરફના રોડ ખાડી પુલ સુધી, (૨) ટોરેન્ટ પાવર થી ઈન્ટરસીટી હોલનો ખાંચો, ગેરેજવાળી ગલીનો ખાંચો, હરિનર્સરી ગલી સમ્રાટ સ્કુલ થઈ ક્રોસ રોડ હોટલ સુધી, રાજ મંદિરનો રોડ, (૩) આંજણા ગરનાળાથી અબ્દુલનબી દરગાહ થઈ મોમાઈ માતા મંદિર થઈ સંજયનગર ખાડી પુલ સુધીનો રોડ તેમજ વાહનડેપો રોડ અને એચ.ટી.સી. માર્કેટથી ટોરેન્ટ પાવર સુધીનો રોડ,(૪) અનવરનગર બ્રીજ ફુલવાડા ઈન્ડસ્ટ્રીઝથી સ્વીમીંગ પુલ રોડ , મોમીનવાડી, ગણેશ ઈન્ડસ્ટ્રીઝ** વિગેરે વિસ્તારોમાં આરોગ્ય, ઈજનેરી ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

સદર કામગીરી મે. એડી.સીટી ઈજનેર શ્રી જે.કે.શાહના સીધા માર્ગદર્શન હેઠળ આસી.કમિશ્નર શ્રીમતી ગાયત્રી આર. જરીવાલા, ઝોનલ ઓફિસરશ્રી રાજેશ. સી. જરીવાલા ના આગેવાની હેઠળ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી, આસી. જંતુનાશક અધિકારીશ્રી, ડે.ઈજનેરશ્રી– **૦૪** મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી **– ૦૩** જુ./આસી.ઈજનેર–**૦૯** તેમજ સુપરવાઈઝર સ્ટાફ–**૧૬** ,સફાઈ કામદાર/ બેલદાર **– ૧૬૫** દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ કામગીરી કરવામાં આવેલ હતી.

જેમાં ઉપરકોત વિસ્તારમાં રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ (રેતી, કપચી, ઈંટ,) તેમજ કચરો અને કચરા મિશ્રિત માટી કુલ **– ૭૫.૦૬૦ મેટ્રિક ટન** નિકાલ કરાવવામાં આવ્યો હતો. આંગણવાડી– **૦૩** તેમજ શૈક્ષણિક સંસ્થા–**૦૪** ની આજુબાજુ સાફ–સફાઈ/રીપેરીંગ કામગીરી કરવામાં આવી હતી. સ્ટ્રોમ વોટર ડ્રેઈનના ઈનલેટ ચેમ્બર સંખ્યા **–૩૫** ની ડીસીલ્ટીંગ કામગીરી કરવામાં આવી હતી. ફુડ અને આરોગ્ય વિભાગ હોટલ/રેસ્ટોરન્ટ/ લારી ગલ્લા સંખ્યા **– ૫૭** ચેક કરી–**૧૯** કિલોગ્રામ અખાધ પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. દરમ્યાન જાહેરમાં ન્યુસન્સ કરતી સંસ્થા / ઈસમોને –**૧૩૮** નોટીસ ફટકારી **રૂ.૧,૨૯,૦૫૦/–** વહીવટીચાર્જ વસુલ કરવામાં આવેલ છે. ખુલ્લા /ખાનગી પ્લોટમાંથી **–૦૩** વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. **કુલ–૧૫૨** લાઈટ સ્ટ્રીટ પોલ ચેક કરી**, ૯૮** રીપેરીંગ કરવામાં આવ્યા તથા **– ૭૨** બંધ સ્ટ્રીટ લાઈટ પોલ ચાલુ કરવામાં આવ્યા. વેબસાઈટ, હેલ્પ લાઈન અને મોબાઈલ દ્વારા અગાઉ મળેલ સફાઈ, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ પોલની મળેલ ફરિયાદનો નિકાલ કરાવવામાં આવેલ હોય, તેનું ક્રોસ ચેંકીગ કરવામાં આવ્યું હતું. બિનઅધિકૃત બાંધકામ થયેલ હોય તે જગ્યા પર માર્કીગની કામગીરી કરવામાં આવી હતી. વોટર ટેબલ તથા ફુટપાથ **– ૧૪,૦૦૦ રનીંગ મીટર** સ્ક્રેપીંગ કરવાની કામગીરી કરવામાં આવી. તેમજ હોસ્પીટલ અને કલીનીકમાં બાયોમેડીકલ વેસ્ટના નિકાલ બાબતે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરી દરમ્યાન ડોર ટુ ડોર ગાડીઓમાં કચરો આપવા માટે તથા મચ્છર ઉત્પતિ સ્થાન અને મચ્છરથી થતા મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા રોગો અટકાવવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણનું જન–જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા એચ.ટી.સી., રાહુલ રાજ, વિનાયક ઈન્ડસ્ટ્રીઝના બાંધકામોમાં મચ્છર ઉત્પતિ બાબતે ચેકીંગની કામગીરીમાં **રૂ. ૫૦,૦૦૦/–** નો વહીવટીચાર્જ વસુલ કરવામાં આવેલ તથા અન્ય સ્થળોએ સર્વે કરી મળેલ **૧૦ બ્રિડીંગોનો નાશ** કરેલ તેમજ **૧૦ નોટીસ** આપી તથા ૪૦ નકામા કન્ટેનરોનો નિકાલ કરેલ.

દબાણ વિભાગ દ્વારા સહારા દરવાજા ગરનાળા પાસે મૂર્તિ બનાવનાર **કુલ –૧૩** ઈસમોએ મૂર્તિઓ બનાવી જાહેર માર્ગ ઉપર મુકી દબાણ કરેલ હોવાથી મૂર્તિઓનો તથા વધારાનું બાંધકામ તેમજ ગેરકાયદેસર ઓટલાઓનું દબાણ દુર કરવાની કાર્યવાહી કરી **કુલ – રૂ.૧૩,૬૦૦/–** વહીવટીચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ છે.

**આ કામગીરી દરમ્યાન રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષ મ્યુ.સભ્ય શ્રી ડાં.રવિન્દ્રભાઈ પાટીલ તથા મ્યુ.સભ્ય શ્રીમતી નીતાબેન ચૌહાણ અને શ્રીમતી રશ્મિકાબેન પટેલ હાજર રહી માર્ગદર્શન આપી લોકોનો સાથ સહકાર આપેલ હતો.**

**આ અભિયાન દરમ્યાન આરોગ્યલક્ષી <u>કુલ નોટીસ – ૧૭૩ તથા રૂા.– ૨, ૦૯,૭૫૦ /– નો વહીવટી ચાર્જ</u> કરવામાં આવ્યો હતો**

## સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબો માટે આવાસ પુરા પાડવા

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબો માટે આવાસ પુરા પાડવા સારૂ જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશનના સબમીશન બેઝીક સર્વિસ ટુ ધ અર્બન પુઅરની યોજના હાલમાં અમલીકૃત છે. જે અંતર્ગત આવાસ બાંધકામ કરવામાં આવેલ / આવે છે. આ યોજના હેઠળ પ્રોજેકટ ખર્ચના ૫૦ % કેન્દ્ર સરકારશ્રીની તથા ૨૦ % રાજય સરકારશ્રીની ગ્રાંટનો સમાવેશ થાય છે. આ યોજના અંતર્ગત ઝુંપડપટ્ટી સ્થળાંતર (સ્લમ રીહેબીલીટેશન) ના કિસ્સામાં કુલ –૮ ડી.પી.આર. સરકારશ્રીમાં મંજુર કરાવી રૂા. ૬૧૮.૪૫ કરોડના ખર્ચે કુલ ૪૪૩૯૬ આવાસોના બાંધકામ હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી અત્યાર સુધી ૪૨૮૨૮ આવાસોના બાંધકામ પૂર્ણ થયેલ છે તેમજ ૩૬૫૪૫ આવાસો નદી / ખાડી પુર અસરગ્રસ્ત, રસ્તા તથા વિકાસના કામમાં નડતરરૂપ સ્થળાંતરપાત્ર ઝુંપડાવાસીઓને ફાળવવાનો સમાવેશ થાય છે. જેને કારણે આજદિન સુધી ૧૬૫ (૧૦૩ ઝુંપડપટ્ટીઓ પૂર્ણ તથા ૬૨ ઝુંપડપટ્ટી અંશતઃ) સ્લમ પોકેટોનું સ્થળાંતર કરવામાં આવેલ છે. નદી / ખાડી પુર અસરગ્રસ્ત ઝુંપડપટ્ટીના સ્થળાંતરને કારણે પુર દરમ્યાન / નદીમાં પાણી છોડવાના સમયે અસરગ્રસ્ત ઝુંપડાવાસીઓને કામચલાઉ ધોરણે રીલીફ સેન્ટરોમાં સ્થળાંતર કરવાની કામગીરીમાંથી મુકિત મળેલ છે. વધુમાં પુરને લીધે અસરગ્રસ્ત ઝુંપડાવાસીઓની ઘરવખરીને પણ નુકશાન થાય છે. જેના કારણે તેઓને થતી આર્થિક નુકશાનીમાંથી મુકિત મળેલ છે. શહેરના ડી.પી. / ટી.પી. રસ્તામાં તથા બી. આર. ટી. એસ. રૂટમાં તથા કેનાલ કોરીડોરમાં નડતરરૂપ ઝુંપડાઓ સ્થળાંતર થવાને લીધે ટ્રાફીકની સમસ્યા હલ થયેલ છે.

કતારગામ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ હળપતિવાસ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૫, અટલજીનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૬, જનતાનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૫, ગીતાનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૪, આંબાતલાવડી ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૩, ફુલવાડી મસ્જિદ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, આનંદનગર–૨ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૪, જુનુ રાજીવનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૬, મીલીન્દનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૩, નાસીરનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧ મળી કુલ – ૩૮ લાભાર્થીઓને ટી.પી. સ્કીમ નં. ૭ (વેસુ) ફા.પ્લોટ નં. ૧૨૫ (૧૯ લાભાર્થીઓને), ટી.પી.સ્કીમ નં. ૩૬ (અલથાણ) ફા.પ્લોટ નં. ૧૦૭ (૦૬ લાભાર્થીઓને), ટી.પી. ૩૧ (અડાજણ) ફા.પ્લોટ નં. ૧૯૯ (૦૨ લાભાર્થીઓને), ટી.પી. ૩૧ (અડાજણ) ફા.પ્લોટ નં. ૧૯૧ (૦૨ લાભાર્થીઓને), ટી.પી. ૫૪ (ભેસ્તાન) ફા.પ્લોટ નં. ૧/એ (૦૮ લાભાર્થીઓને) તથા વડોદ રે.સ.નં. ૧૨ (૦૧ લાભાર્થીઓને) ખાતેના સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા JnNURM-BSUP અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૨૦.૦૯.૨૦૧૪ ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે કતારગામ ઝોન ઓફીસ ખાતે સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સનશ્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

## લારી–ગલ્લાના દબાણ દૂર કરવા

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)ધ્વારા તા.૨૦/૦૯/૨૦૧૪ ને શનિવારના રોજ રામનગર ચાર રસ્તાથી ધબકાર સર્કલ સુધીનાં રાંદેર મેઈન રોડ પરથી લારી–ગલ્લાના દબાણ દૂર કરવાની કામગીરી તેમજ માર્જીનમાં દુકાનદારો ધ્વારા કાઢેલ પતરાનાં શેડ માલિકો પાસેથી તેમજ મહાનગરપાલિકાના દબાણ સ્ટાફ ધ્વારા દૂર કરવાની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ મહાનગરપાલિકા ધ્વારા વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૬૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. માર્જીનમાં દબાણ દુર કરવાની કામગીરી રૂપાલી સિનેમાની હોટલ, વિજય ડેરી, નિલકંઠ ફર્નીચર, સપના ફર્નીચર તેમજ જય જલારામ ખમણ વિગેરે ધ્વારા કરેલ દબાણ દૂર કરવામાં આવેલ છે. તેમજ તમામ નાગરીકોને આ જાહેર સૂચના હેઠળ જણાવવામાં આવે છે કે માર્જીનમાં કે જાહેર રસ્તા તથા ફૂટપાથ પર કોઈપણ પ્રકારનું અનઅધિકૃત દબાણ કરવું નહીં અન્યથા પશ્ચિમ ઝોન(રાંદેર) ધ્વારા સદર અનઅધિકૃત દબાણને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમજ તે પેટે વહીવટી ચાર્જની રકમ પણ વસુલ લેવામાં આવશે. જેની તમામ નાગરીકોએ ગંભીર નોંધ લેવી.

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૯/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

**આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૩૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૩,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૯૬૩ ઘરનો સર્વે કરવામાં આવેલ જે પૈકી ૧૦૫૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૭૧ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.**

**આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૩૨,૭૨,૫૯૨/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા પુર્વા ઈન્ડ., પટેલ ઈન્ડ.,રામેશ્વર ઈન્ડ., પટેલ ૧–૨–૩ ઈન્ડ. વેડરોડ, નંદુડોશીની વાડી, ગોતાલાવાડી, અમરોલી, કતારગામ વિસ્તારમાંથી રૂા.૯,૨૭,૧૮૦/– વસુલ કરવામાં આવેલ છે.**

**ઈમ્પેકટ ફીની અરજી ૯૬ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૯,૮૩,૪૨૬/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા.૯૦,૦૦૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૫ લારી જપ્ત કરવામાં આવેલ છે.**

## ગુજરાત સરકાર ધ્વારા રાજયની તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચાલતા તમામ બ્રીજોના કામો તથા ભવિષ્યમાં બનનાર બ્રીજોના કામોએ ડીઝાઈન અને ડ્રોઈંગની પ્રુફ ચેકીંગની કામગીરી બાબતઃ–

ગુજરાત સરકાર ધ્વારા રાજયની તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચાલતા તમામ બ્રીજોના કામો તથા ભવિષ્યમાં બનનાર બ્રીજોના કામોએ ડીઝાઈન અને ડ્રોઈંગની પ્રુફ ચેકીંગની કામગીરી આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગર પાસે કરાવવા માટેનો પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. જે સંદર્ભે સુરત મહાનગરપાલિકાના બ્રીજ તથા બી.આર.ટી.એસ. વિભાગના પ્રગતિ હેઠળના કુલ્લે ૨૨ (બાવીસ) બ્રીજોના પ્રુફ ચેકીંગની કામગીરી સરકારશ્રીના આદેશ મુજબ રાજય સરકારના આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગર પાસે કરાવવા માટે તા.૧૮/૦૯/૨૦૧૪ ના રોજ ડ્રોઈંગ, ડીઝાઈન નોટસ તથા અન્ય વિગતો મોકલવામાં આવેલ હતી. આ કામો તાકીદે શરુ થાય તે માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી સમક્ષ મા.કમિશનરશ્રી અને મા. મેયરશ્રી રજુઆત કરવા ગયેલ હતા. જે સંદર્ભે અગાઉ,

(૧.)તાપી નદી ઉપર હોપપુલની જગ્યાએ રાંદેરથી ચોક વિસ્તારને જોડતો પુલ.

(૨.)તાપી નદી ઉપર પાલીયા કોતર નં.૭ થી જીલ્લાની કોમ્પ્લેક્ષને જોડતો પુલ.

(૩.)કતારગામ મેઈન રોડ ઉપર ફ્લાયઓવર બ્રીજ.

(૪.) ઉધના વિસ્તારમાં મુંબઈ–સુરત મેઈન રેલ્વેલાઈન ઉપર ભેસ્તાન રેલ્વે સ્ટેશન નજીક એલ.સી. નં.૧૪૩ પર રેલ્વેઓવર બ્રીજ બનાવવાની મંજુરી આપવામાં આવેલ છે.

આજ રોજ તા.૨૩/૯/૧૪ના રોજ સુરત મહાનગરપાલિકાના ચાલતાં તમામ બ્રીજોનાં બાકી રહેલ કામોની પ્રુફ ચેકીંગની કામગીરી માટે રાજય સરકારશ્રી સાથે જરૂરી લાઈઝનીંગની કામગીરી માટે નિયુકત કરવામાં આવેલ ડે.ઈજનેર શ્રી એચ.એમ.સોની તથા આસી.ઈજનેર શ્રી વી.જી.ગડરિયા બાકી રહેલા કામોના ડ્રોઈંગ્સ, ડીઝાઈન, ડીઝાઈન નોટસ, ટેન્ડર સેટ, જીઓ ટેકનીકલ રીપોર્ટ વિગેરે સાથે રૂબરૂ રાજય સરકારના આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગર ગયેલ હતા. જે સંદર્ભે આજ રોજ સુપ્રિન્ટેન્ડન્ટ એન્જીનીયરશ્રી, આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગર મારફતે બીજા અન્ય નીચે દર્શાવેલ સાત(૭) કામોની કામગીરી શરૂ કરવા અંગે પરવાનગી આપવામાં આવેલ છે.

(૧) દિલ્હીગેટ, અમીષા હોટલ અને લાલ દરવાજા જંકશન પર ફલાય ઓવર બ્રીજ.

(૨)વરાછા વિસ્તારમાં આવેલ ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીઝ / સરિતા વિહાર સોસાયટી પાસે ટી.પી.નં.૩૪(મગોબ–ડુંભાલ) નાં ૧૮.૦૦ મીટરના રસ્તા પર ખાડી બ્રીજ.

(૩) તાપી નદી પર અઠવા લાઈન્સ–અડાજણ વિસ્તારને જોડતો Cable Stayed Structure પ્રકારનો પુલ.

(૪) સુરત–ભુસાવલ મેઈન લાઈન ઉપર આવેલ લેવલ ક્રોસીંગ નં.૩–સી ની જગ્યાએ ગોડાદરા થી ડીંડોલીને જોડતાં ૪૫.૦૦ મીટરનાં ટી.પી./ડી.પી. રોડ પર રેલ્વે ઓવર બ્રીજ.

(૫) પુર્વ ઝોન(વરાછા) વિસ્તારમાં બોમ્બે માર્કેટથી પુણાગામ તરફ જતા ૨૪.૦૦ મીટર પહોળા ટી.પી.રોડ પર અર્ચના વિદ્યાલય પાસે ફલાય ઓવર બ્રીજ.

(૬) છાપરાભાઠા મેઈન રોડ પર ગોપીનાથ સોસાયટી પાસે હયાત પુલની બંને બાજુ નવો પુલ.

(૭) ૧૩૬ વર્ષ જુના સ્ટીલ સ્ટ્રકચરવાળા ૩૫.૦૦ મીટર લંબાઈના હોપપુલના એક સ્પાન, બંને તરફના એપ્રોચ સહિત પાલ લેક ગાર્ડન ખાતે પ્રસ્થાપિત કરવાનું કામ.

ઉપરોકત સાતેય બ્રીજોની કામગીરી શરુ કરવા બાબતે ડીઝાઈન સર્કલ, ગાંધીનગર ધ્વારા લેખિતમાં જણાવતાં સ્થળ પર સાતેય બ્રીજોની કામગીરી શરુ કરી દેવા સુચના આવેલ છે. તેમજ બાકીના તમામ બ્રીજોની પ્રુફ ચેકીંગની કામગીરી પણ આગામી ૧૦ થી ૧૫ દિવસમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આમ મહાનગરપાલિકાની મા. કમિશનરશ્રી અને મા. મેયરશ્રીની રજુઆતને ધ્યાને લઈ મા.અધિક મુખ્ય સચિવશ્રી તથા આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગરની ત્વરિત કામગીરીને

**લીધે મહાનગરપાલિકાના કામોની પ્રુફ ચેકીંગની કામગીરી તાકીદના ધોરણે હાથ ધરવામાં આવેલ છે. જેના કારણે ટુંકા સમયગાળામાં ૨૨ (બાવીસ) બ્રીજોનાં કામો પૈકી ૧૧(અગિયાર) કામોની મંજુરી આપવામાં આવેલ છે.**

## સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૨મી નાટ્ય સ્પર્ધાનું સમાપન

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ સહિત મનોરંજન પુરૂં પાડવાની નેમ સાથે સુરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતન તેમજ સંવર્ધન કરવા ઉપરાંત કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારો અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા વિવિધ કાર્યક્રમોના આયોજનો અને સ્પર્ધાઓ વર્ષ દરમ્યાન યોજવામાં આવે છે. મહાનગરપાલિકાની કલાભિમુખતાના ફળસ્વરૂપ આજે શહેરના અનેક કલાકારો અને રમતવીરોએ સુરત શહેરનું નામ રોશન કરેલ છે.

સાહિત્ય અને કલાનગરી તરીકે જાણીતા સુરત શહેરના ઉગતા કલાકારોને અને રંગભૂમિને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૨મી નાટ્ય સ્પર્ધાનું આયોજન તા.૧૯/૦૯/૨૦૧૪ થી તા.૨૦/૦૯/૨૦૧૪ દરમ્યાન સંજીવકુમાર ઓડિટોરીયમ, હજીરા રોડ, પાલ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. ૪૨મી નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા કુલ ૨૭ નાટ્ય સંસ્થાઓએ અરજી ફોર્મ ભર્યા હતા. સુરત મહાનગરપાલિકા આયોજીત નાટ્ય સ્પર્ધામાં વધુને વધુ ઉત્કૃષ્ઠ નાટકો ભજવાય તે હેતુસર નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા ફોર્મ ભરેલ ૨૭ નાટ્ય સંસ્થાઓમાંથી સ્ક્રુટિની પહેલાં ત્રણ નાટ્ય સંસ્થાઓએ પોતાની એન્ટ્રી પરત ખેંચ્યા બાદ બાકી રહેલ ૨૪ નાટકોની સ્ક્રુટિની તા.૧૬/૦૮/૨૦૧૪થી તા.૧૮/૦૮/૨૦૧૪ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના સીનીયર સીટીઝન કમ મલ્ટીપર્પઝ હોલ, અડાજણ રોડ, સુરત ખાતે કરાવ્યા બાદ પસંદગી પામેલ ૧૨ નાટ્ય સંસ્થાઓના નાટકો નવનિર્મિત સંજીવકુમાર ઓડિટોરિયમના તખ્તે રજુ થયાં હતાં.

તા.૦૯/૦૯/૨૦૧૪ના રોજ પ્રથમ દિવસે રાજગૃપ થિએટર એન્ડ પર્ફોમીંગ આર્ટસ્ સંસ્થાનું સચિન બોરસે દિગ્દર્શીત નાટક ''અર્ધા અધૂરા'' થી શરૂ થયેલ નાટ્ય સ્પર્ધા તા.૨૦/૦૯/૨૦૧૪ના રોજ અંતિમ નાટક સીલ્યુએટ થીએટર્સ નાટ્ય સંસ્થાના દેવાંગ જાગીરદાર દિગ્દર્શિત ''કોઈ પણ એક ફુલનું નામ બોલો તો ?''થી પૂર્ણ થઈ હતી. આ નાટ્ય સ્પર્ધામાં ''આઓ તનિક પ્રેમ કરે'', ''મુઠ્ઠી ઊંચેરો માનવી'', '' જુલિયસ સીઝર'', ''જા થાય તે કરીલે'', ''અવતાર'', ''ચાલો ઘર ઘર રમીએ...!'', ''બાપુજી મળ્યા બોનસમાં'', ''સંન્યાષ્થ આશ્રમ'', ''મનોમંચ'', અને ''રાફડા'' નાટકો રજુ થયાં હતાં. સૌ નાટ્ય સંસ્થાઓએ પોતાની ઉત્તમ રજુઆત કરીને નાટકો સફળતાપૂર્વક ભજવ્યાં હતાં. પોતાના ઉત્કૃષ્ટ આંગિક, વાંચિક અભિનયથી લોકો સુધી જુદી જુદી વાતો પહોંચાડી નાટ્ય કલાકારોએ દર્શકોના દિલ જીતી લીધાં હતાં. નાટ્ય સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ નાટ્ય સંસ્થાના કલાકારો, બેકસ્ટેજ કલાકારો તથા શહેરની નાટ્ય રસિક જનતાએ સંજીવકુમાર ઓડિટોરિયમની વ્યવસ્થામાં પૂરતો સહકાર આપી, મોટી સંખ્યામાં હાજર રહી તમામ નાટકોને રસપૂર્વક નિહાળ્યા હતા. સ્પર્ધાના અંતિમ નાટકના શો બાદ નીચે મુજબ જાહેર થયેલા વિજેતાઓનો ઈનામ વિતરણ સમારંભ યોજાયો હતો.

| ક્રમ | ઈનામ | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ | પાત્રનું નામ | કલાકારનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રેષ્ઠ બાળ કલાકાર | રાજ ગૃપ થીયેટર્સ એન્ડ પર્ફોમીંગ આર્ટસ | આર્ધા અધૂરા | કિન્ની | પરવી સ્માર્ત |
| | | કરંજીયા આર્ટસ | સન્યાસ્ત આશ્રમ | મૈત્રી | આર્જવી વ્યાસ |

| | | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ |
|---|---|---|---|
| ૨ | શ્રેષ્ઠ દ્રશ્ય પરિકલ્પના | ફોરમ આર્ટસ્ | રાફડા |
| ૩ | શ્રેષ્ઠ સંગીત | અભિપ્સા આર્ટસ થીએટર | આઓ તનીક પ્રેમ કરે |
| ૪ | શ્રેષ્ઠ સ્ક્રીપ્ટ | ફોરમ આર્ટસ્ | રાફડા |
| ૫ | બેસ્ટ થીમ | અભિપ્સા આર્ટસ થીએટર | આઓ તનીક પ્રેમ કરે |
| ૬ | શ્રેષ્ઠ પ્રકાશ આયોજન | મલ્હાર | જુલિયસ સિઝર |

| | | | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ | પાત્રનું નામ | કલાકારનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૭ | શ્રેષ્ઠ સ્ત્રી અભિનય | ૧ | અભિપ્સા આર્ટસ થીએટર | આઓ તનીક પ્રેમ કરે | સ્ત્રી | પ્રિયંકા જાંગીડ |
| | | ૨ | મલ્હાર | જુલિયસ સિઝર | કલપુનિયા | ધ્વનિ ત્રીવેદી |
| | | ૩ | દિપ આર્ટસ | ચાલો ઘર ઘર રમીએ | સપના | તૃષારીકા રાજગુરૂ |
| | | ૪ | બી.આર.પ્રોડકશન્સ | બાપુજી મળ્યા બોનસમાં | દેવી ફોઈ | વૈદેહી ઉપાધ્યાય |
| | | ૫ | સ્પર્શ | મનોમંચ | શબનમ | પ્રાર્થના રેલ્વેવાલા |
| | | ૬ | ફોરમ આર્ટસ્ | રાફડા | દેવકી (મીસીસ દિનાન) | કિન્નરી ભટ્ટ |
| | | ૭ | સીલ્યુએટ થીએટર્સ | કોઈ પણ એક ફુલનું નામ બોલો તો ? | કાન્તા(કામિની) | દેવાંગી ભટ્ટ |
| ૮ | સર્વ શ્રેષ્ઠ સ્ત્રી અભિનય | | ફોરમ આર્ટસ્ | રાફડા | રોમા/ માનસી | મનાલી નાતાલી |
| ૯ | શ્રેષ્ઠ પુરૂષ અભિનય | ૧ | ફન અનલિમિટેડ | "મુઠ્ઠી ઉંચેરો માણસ" | વિરેન/અજય | સેતુ ઉપાધ્યાય |
| | | ૨ | મલ્હાર | જુલિયસ સિઝર | એન્ટની | સંકલ્પ કુલકર્ણી |
| | | ૩ | મલ્હાર | જુલિયસ સિઝર | જ.સીઝર | ડો.પ્રજ્ઞેશ પંડિત |
| | | ૪ | દિપ આર્ટસ | ચાલો ઘર ઘર રમીએ | રાજેશ | ગીત દિક્ષિત |
| | | ૫ | કરંજીયા આર્ટસ | સન્યાસ્ત આશ્રમ | દશરથ | ફરજાન કરંજીયા |
| | | ૬ | સ્પર્શ | મનોમંચ | નરેશ | નિલય જોખાકર |
| | | ૭ | ફોરમ આર્ટસ્ | રાફડા | જેરાજભાઈ/મિ. દિવાન | રામીન દિવાન |
| ૧૦ | સર્વશ્રેષ્ઠ પુરૂષ અભિનય | | અભિપ્સા આર્ટસ થીએટર | આઓ તનીક પ્રેમ કરે | પુરૂષ | રાજેશ પાંડે |

| | | | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|---|---|
| ૧૧ | શ્રેષ્ઠ દિગ્દર્શક | પ્રથમ | ફોરમ આર્ટસ્ | રાફડા | હિતેશ પટેલ |
| | | દ્વિતીય | મલ્હાર | જુલિયસ સિઝર | ડો.પ્રજ્ઞેશ પંડિત |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | **વિજેતા** | **નાટ્ય સંસ્થાનું નામ** | **નાટકનું નામ** |
| | પ્રથમ | ફોરમ આર્ટસ્ | રાફડા |
| | દ્વિતીય | મલ્હાર | જુલિયસ સિઝર |
| | તૃતીય | અભિપ્સા આર્ટસ થીએટર | આઓ તનીક પ્રેમ કરે |
| | ચતુર્થ | કરંજીયા આર્ટસ | સન્યાસ્ત આશ્રમ |

નિર્ણાયકોએ સુરતમાં નાટ્ય સંસ્થાઓ વધી રહી છે એ માટે સુરતની નાટ્ય સંસ્થાઓને અભિનંદન પાઠવી નાટકોનું સ્તર વધે તે માટે વધુ મહેનત કરવા નાટ્ય સંસ્થાઓને અપીલ કરી હતી. નાટ્ય સ્પર્ધાના વિવિધ કેટેગરીમાં ૨૯ વિજેતાઓને મા.ડે.મેયર શ્રીમતિ રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, આસી.કમિશનર અને ઈ.ચા.ડે.કમિશનર(પ. અને ઈ.)શ્રી બંકિમભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિ

અધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડિયા, નિર્ણાયકશ્રી રમેશભાઈ સેવક(સુરત), શ્રી ત્ર્યબંક જોષી(વડોદરા) અને શ્રી અનિલભાઈ એમ.અદી(વડોદરા)ના હસ્તે વિજેતા પ્રમાણપત્ર, ટ્રોફી તથા રોકડ પુરસ્કાર એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા.

## નવરાત્રિના પાવન પર્વ નિમિતે મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવાન બનાવવા બાબતઃ–

ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે નવરાત્રિના પાવન પર્વ નિમિતે મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે આ તહેવાર સંબંધિત ચીજ–વસ્તુઓનું ઉત્પદન તથા વેચાણ કરતી મહિલાઓ તથા મહિલા સંગઠનોને વેચાણ માટે સીધે–સીધું બજાર મળી રહે તે હેતુ થી સુરત મહાનગરપાલિકા દ્વારા " નવરાત્રિ મેળો – ૨૦૧૪ " નું ઉદ્‌ઘાટન આજરોજ પ્રાઈમ આર્કેડ જોગાણીનગર પાસે, સહજ સુપર સ્ટોર્સની સામે, અડાજણ, સુરત ખાતે સવારે ૧૦:૦ કલાકે શ્રી નાનુભાઈ વાનાણી માન.મંત્રીશ્રી રાજય કક્ષા,જળસંપત્તિ, (કલ્પસર સિવાય) શિક્ષણ (પ્રા.મા.અને પ્રૌઢ), રમત ગમત, યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ગુજરાત રાજયના વરદ્‌હસ્તે સંપન્ન કરવામાં આવ્યું હતું.

" નવરાત્રિ મેળો – ૨૦૧૪ " રાંદેર ઝોનમાં પ્રાઈમ આર્કેડ જોગાણીનગર પાસે, સહજ સુપર સ્ટોર્સની સામે, અડાજણ,કતારગામ ઝોનમાં શાકભાજી માર્કેટ, અમરોલી બ્રિજ, અમરોલી,પારસ શાકભાજી માર્કેટ, પારસ પોલીસ ચોકીની પાસે,લિંબાયત ઝોનમાં મદનપુરા શાકભાજી માર્કેટ, નગર પ્રાથમિક શાળા શિવાજીનગરની સામે,સેન્ટ્રલ ઝોનમાં લાલદરવાજા માર્કેટ, લાલદરવાજા,ઉધના ઝોનમાં શાકભાજી માર્કેટ, ગુ.હા.બોર્ડ, પાંડેસરા,અઠવા ઝોનમાં નારી સંરક્ષણ ગૃહ, અંધજન શાળાની સામે, ઘોડદોડ રોડ,વરાછા ઝોનમાં બરોડા પ્રિસ્ટેજ, વરાછા રોડ, વરાછા, સુરત ખાતે કુલ ૪૮ સ્ટોલ આજરોજ ખુલ્લા મુકવામાં આવેલ છે.

આ મેળામાં નવરાત્રિ ઉત્સવ સંબંધી ચીજ–વસ્તુઓ જેવી કે " નવરાત્રિ માટે જવેલરી, દાંડીયા, ચણીયાચોલી, ટ્રેડીશનલ ડ્રેસ, ગૃહ સુશોભનની ચીજવસ્તુઓ, રોશની નો સામાન, પુજાપાનો સામાન વિગેરેના પ્રદર્શન તેમજ વેચાણ માટે સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં " નવરાત્રિ મેળો – ૨૦૧૪" તા. ૨૧/૦૯/૨૦૧૪ થી ૨૫/૦૯/૨૦૧૪ સુધી સવારે ૧૧:૦૦ થી રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. જેનો સુરત શહેરની શહેર જનતાએ લાભ લઈઉ મહિલા સશકિતકરણના કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ કરવા જણાવવામાં આવે છે.

આ ઉદ્‌ઘાટનવિધિ પ્રસંગે સમારંભના પ્રમુખશ્રી મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા,માન.સાસંદ શ્રીમતી દર્શનાબેન જરદોશ,માન ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરિયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, શાસક પક્ષના નેતા શ્રી કિશોરભાઈ બિંદલ, સુરત મ્યુ.કમિશરનરશ્રી મિલિન્દ તોરવણે,એડી.કલેકટરશ્રી,સીટી પ્રાંત ઓફિસરશ્રી, સુરત મહાનગરપાલિકાના વિવિધ સમિતિ ચેરમેનશ્રીઓ, માન.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, નગરજનો, પ્રેસમીડિયા,વિગેરે ઉપસ્થિત રહી આજના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## નવી દિલ્હી સ્થિત SKOCH GROUP સાર્વજનિક વિકાસને લગતાં સામાજીક – આર્થિક પ્રશ્નોનાં નિરાકરણ બાબતઃ–

નવી દિલ્હી સ્થિત SKOCH GROUP સાર્વજનિક વિકાસને લગતાં સામાજીક – આર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પ્રયત્નશીલ સંસ્થા છે. આ સંસ્થામાં કન્સલટીંગ વીંગ, મીડીયા વીંગ તથા ચેરીટેબલ ફાઉન્ડેશનનો સમાવેશ થાય છે. આ કંપનીની સેવાઓમાં ફીલ્ડ ઈન્ટરવેન્શન, કન્સલટન્સી, સંશોધન અહેવાલ, નીતિ બ્રીફસ, પુસ્તકો, સામયિકો, વર્કશોપ અને કોન્ફરન્સ યોજવા જેવી પ્રવૃતિઓનો સમાવેશ થાય છે. SKOCH GROUP એ ફાયનાન્સ, ટેકનોલોજી, ઈકોનોમીકસ અને સોશીયલ સેકટરના ક્ષેત્રમાંના સેવાકીય પ્રદાનનાં ઉચ્ચ સન્માનની પ્રણાલી સ્થાપિત કરેલ છે. વર્તમાન કેન્દ્ર સરકારનાં "Minimum Government, Maximum Governance" ના ઉમદા ધ્યેયને સિધ્ધ કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન SKOCH GROUP ધ્વારા હાથ ધરવામાં આવેલ છે.

દેશભરમાં કેન્દ્ર સરકારશ્રી / રાજય સરકારશ્રી / સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ જેવી કે નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓ અને અન્ય સેવાભાવી સંસ્થાઓ ધ્વારા વિવિધ સેવાકીય ક્ષેત્રોમાં અનેકવિધ કાર્યો અને પ્રકલ્પો હાથ ધરવામાં આવે છે. નાગરિકોની સુવિદ્યાઓમાં દિન–પ્રતિદિન વધારો થાય, વહીવટનું વધુ સરળીકરણ થાય અને તે કરકસરયુકત બને તથા હાથ ધરેલ પ્રકલ્પો પર્યાવરણલક્ષી બને તેવી કામગીરીઓ હાથ ધરવામાં આવે છે અને આવી કામગીરીઓની સીધી અસરરૂપે જે તે સંસ્થાઓનાં વહીવટમાં વધુ પારદર્શિતા આવે, સંસ્થાઓ વધુ સક્ષમ બને તેવા પ્રયત્નો દેશભરમાં આવી સંસ્થાઓ ધ્વારા કરવામાં આવે છે. પોતાના કાર્યક્ષેત્રમાં જે–તે સંસ્થાઓનાં વિશિષ્ટ યોગદાનની જાણ અન્ય સંસ્થાઓને માટે પણ પ્રેરણારૂપ બને તથા વિશિષ્ટ કામગીરીઓ માટે સતત પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુથી સ્કોચ (SKOCH) ફાઉન્ડેશન ધ્વારા દેશભરમાંથી કુલ ૧૦,૦૦૦ (દસ હજાર) જેટલી એન્ટ્રી જુદી – જુદી સંસ્થાઓ ધ્વારા મેળવવામાં આવેલ. આ પૈકી લગભગ એક હજાર એન્ટ્રીને અલગ તારવી નવી દિલ્હી ખાતે SKOCH ફાઉન્ડેશન ધ્વારા સપ્ટેમ્બર–૨૦૧૪ નાં પ્રથમ અઠવાડીયામાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવેલ. આ એક હજાર એન્ટ્રીઓ પૈકી જે–તે ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન માટે કુલ ૩૦૦ (ત્રણસો) કામગીરીઓ માટે સ્કોચ ઓર્ડર ઓફ મેરીટ નાં સર્ટીફિકેટ તા.૧૯/૦૯/૨૦૧૪નાં રોજ એનાયત કરવામાં આવેલ.
સુરત મહાનગરપાલિકાએ નીચેની ચાર વિશિષ્ટ કામગીરીઓ માટે ભાગ લઈ પ્રેઝન્ટેશન કરેલ.

(૧) રીસાઈકલ અને રીયુઝ ઓફ વોટર સપ્લાય ટુ પાંડેસરા જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીઝ
(૨) વર્ચુઅલ સીવીક સેન્ટર
(૩) સીટીઝન્સ કનેકટ – સુરત મહાનગરપાલિકા મોબાઈલ એપ્સ
(૪) વીન્ડ પાવરનો પાણી પુરવઠા સીસ્ટમ માટે ઉપયોગ
ઉપરોકત ચાર કામગીરીઓ માટે સુરત મહાનગરપાલિકાને સ્કોચ ઓર્ડર ઓફ મેરીટ એનાયત થયેલ છે.

દેશભરની માન્ય ઠરેલ કુલ ત્રણસો સ્કોચ ઓર્ડર ઓફ મેરીટ એન્ટ્રીસ પૈકી પ્રથમ પચાસ વિશિષ્ટ કામગીરીઓ માટેની એન્ટ્રીસ અલગ તારવી તેને સ્કોચ ગૃપ ધ્વારા સ્કોચ ગોલ્ડન એવોર્ડ તા.૨૦/૦૯/૨૦૧૪નાં રોજ એનાયત કરવામાં આવેલ. જે પૈકી સુરત મહાનગરપાલિકાના રીસાઈકલ એન્ડ રીયુઝ ઓફ વોટર સપ્લાય ટુ પાંડેસરા જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીઝ (ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ) ને **સ્કોચ ગોલ્ડન એવોર્ડ** કેન્દ્ર સરકારશ્રીના શ્રમ, રોજગાર, ઈસ્પાત તથા ખાણ વિભાગનાં માનનીય મંત્રી શ્રી નરેન્દ્રસિંગ તોમર તથા મધ્યપ્રદેશના મહિલા બાલ વિકાસ મંત્રી શ્રીમતી માયાસિંહ ના શુભ હસ્તે એનાયત કરવામાં આવેલ.

મા.મેયરશ્રી તથા મા.મ્યુ.કમિશ્નરશ્રી ધ્વારા સુરત મહાનગરપાલિકાને મળેલ વિશિષ્ટ કામગીરીઓ માટેના સ્કોચ ઓર્ડર ઓફ મેરીટ તથા તે પૈકી રીસાઈકલ એન્ડ રીયુઝ ઓફ વોટર સપ્લાય ટુ પાંડેસરા જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીઝ (ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ) ને **સ્કોચ ગોલ્ડન એવોર્ડ** ની મેળવેલ સિધ્ધી સબબ અભિનંદન પાઠવેલ છે.

જે–તે ક્ષેત્રની સુરત મહાનગરપાલિકાની વિશિષ્ટ કામગીરીઓની ટુંકી વિગત નીચે મુજબ છે.

(૧) રીસાઈકલ અને રીયુઝ ઓફ વોટર સપ્લાય ટુ પાંડેસરા જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીઝ :
સુરત મહાનગરપાલિકા ધ્વારા બમરોલી ખાતે એકત્રિત થતાં ગટરનાં મલિન જળને પ્રાયમરી તથા સેકન્ડરી ટ્રીટમેન્ટ આપવામાં માટે ૧૦૦ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. આ શુધ્ધ થયેલ ટ્રીટેડ સુએઝ વોટરને ટર્શરી ટ્રીટમેન્ટ આપી, ઈન્ડસ્ટ્રીઅલ ગ્રેડ પાણી તૈયાર કરી, પાંડેસરા જી.આઈ.ડી.સી.ના ઔદ્યોગિક એકમોને પુરૂ પાડવા માટે બમરોલી ખાતે રૂા.૮૫ કરોડનાં ખર્ચે ૪૦ એમ.એલ.ડી.ક્ષમતાનો ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે, પરિણામે પીવા લાયક પાણીના પાંડેસરા જી.આઈ.ડી.સી. ધ્વારા કરવામાં આવતાં ઔદ્યોગિક ઉપયોગને મર્યાદિત કરી શકાશે અને આ બચત થયેલ પીવા લાયક પાણીનો ઉપયોગ અન્યત્ર થઈ શકશે. દેશભરમાં ૪૦ એમ.એલ.ડી.ની વિશાળ ક્ષમતા ધરાવતો આ સૌ પ્રથમ ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર્યાવરણની સુધારણા હેતુલક્ષી તથા સુરત મહાનગરપાલિકા મારફતે પ્રસ્થાપિત થયેલ સમગ્ર દેશ માટે યશકલગી સમાન પ્રકલ્પ છે.

(૨) વર્ચુઅલ સીવીક સેન્ટર :
નાગરિકોને ઘર બેઠા પોતાના અનુકુળ સમયે વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરી શકે તે અનુલક્ષીને સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ચુઅલ સિવિક સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. જે થકી મહાનગરપાલિકાની વેબસાઈટ મારફતે વિવિધ સેવાઓ જેવી કે મિલકત વેરો, પ્રોફેશન ટેક્ષ તથા વોટર મીટર ચાર્જનું ઓનલાઈન પેમેન્ટ, ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટના ઓનલાઈન રીન્યુઅલની સુવિદ્યા, જન્મ અને મરણના સર્ટીફીકેટ, ઓડીટોરીયમ બુકીંગ, વિગેરે ઉપલબ્ધ કરવામાં આવેલ છે. આ ઉપરાંત મહાનગરપાલિકાને લગતા વિવિધ ફોર્મ વેબસાઈટ મારફત વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

(૩) સીટીઝન્સ કનેકટ – સુરત મહાનગરપાલિકા મોબાઈલ એપ્સ :
સુરત મહાનગરપાલિકાની મોબાઈલ એપ મારફત મિલકત વેરો, પ્રોફેશન ટેક્ષ તથા વોટર મીટર ચાર્જને લગતી વિવિધ માહિતી તથા આઉટ સ્ટેન્ડીંગ નાણાંનું મોબાઈલ પેમેન્ટ પણ કરી શકાય છે. જન્મ અને મરણનોંધણી વિષયક માહિતી તથા સર્ટીફીકેટ પણ મોબાઈલ એપ ધ્વારા કોઈ પણ સ્થળેથી કોઈ પણ સમયે ઉપલબ્ધ થઈ શકે છે. મહાનગરપાલિકાને લગતી ફરિયાદ અને સ્ટેટસ ચેકીંગ તથા ફીડબેક, એડમીન વીંગ તથા ઈલેકટેડ વીંગ, રિક્રુટમેન્ટ, એકટીવ ટેન્ડર, ગુમાસ્તાધારા લાઈસન્સની વિગત, રેઈનફોલને લગતી માહિતી વિગેરે પણ ખુબ જ સરળતાથી ઉપલબ્ધ થઈ રહી છે.
૪) વીન્ડ પાવરનો પાણી પુરવઠા સીસ્ટમ માટે ઉપયોગ :
સુરત મહાનગરપાલિકા તરફથી પાણી પુરવઠાની સેવા માટે થતાં વીજ વપરાશમાં વીન્ડ પાવર જેવા રીન્યુએબલ એનર્જી સોર્સનો ઉપયોગ કરવાના હેતુથી વીન્ડ પાવર પ્લાન્ટોની સ્થાપના કરવામાં આવેલ છે. જે મુજબ ૩ મેગા વોટ ક્ષમતાનો વીન્ડ પાવર પ્લાન્ટ અડોદર (જીલ્લો – પોરબંદર) ખાતે નવેમ્બર ૨૦૧૦ થી કાર્યરત છે, જેનાથી ઓગષ્ટ ૨૦૧૪ સુધીમાં ૩.૧૦ કરોડ યુનિટ વીજ ઉત્પાદન થયેલ છે, પરિણામે રૂા. ૧૫.૦૭ કરોડ જેટલો માતબર આર્થિક ફાયદો થયેલ છે, આ સૌપ્રથમ પ્રકલ્પની સિધ્ધીઓ પ્રશ્ચાત ૮.૪ મેગા વોટ ક્ષમતાનો વીન્ડ પાવર પ્લાન્ટ ભાણવડ (જીલ્લો – જામનગર) ખાતે જુન–જુલાઈ ૨૦૧૩ થી સુરત મહાનગરપાલિકા ધ્વારા કાર્યરત કરવામાં આવેલ છે, જેનાથી ઓગષ્ટ ૨૦૧૪ સુધીમાં ૨.૨૩ કરોડ યુનિટ વીજ ઉત્પાદન થયેલ છે અને રૂા. ૧૧.૨૭ કરોડ જેટલો આર્થિક ફાયદો થયેલ છે. આ પ્રેરણારૂપ પ્રકલ્પોની સફળતાને અનુલક્ષીને હાલમાં રાતડી (જીલ્લો – પોરબંદર) ખાતે ૬.૩ મેગા વોટ ક્ષમતાના વીન્ડ પાવર પ્લાન્ટની ઈરેકશનની કામગીરી પૂર્ણ થયેલ છે. જે ટુંક સમયમાં કાર્યરત થશે, જેનાથી પ્રતિવર્ષ ૧.૩૩ કરોડ યુનિટ જેટલી વીજ ઉત્પાદન થશે, અને રૂા.૫.૯૦ કરોડ પ્રતિવર્ષ આર્થિક ફાયદો થશે. વધુમાં, આવતા વર્ષે પણ વધુ એક ૬.૩ મેગા વોટ ક્ષમતાનો વીન્ડ પાવર પ્લાન્ટ સ્થાપિત કરવાનું આયોજન છે. સામાન્યતઃ વીન્ડ પાવર પ્લાન્ટનો સાદો પેબેક પીરીયડ ૭ થી ૮ વર્ષ જેટલો રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુરત મહાનગરપાલિકા સમગ્ર દેશમાં વીન્ડ પાવર ક્ષેત્રે પર્દાપણ કરનાર સૌપ્રથમ સ્થાનિક સ્વરાજની સંસ્થા છે.

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૦/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૭૦૭૫૯ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૫૬૯૫૯ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૭૨૮ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૬૧૨૭ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૫૪૮ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૭૬૩ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૫૨ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૪૪ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૧૬૫ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૪ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૩૦૩ નોટિસો આપવામાં આવી અને ૨૪૭૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્ચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

## JnNURM-BSUP અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહી બાબતઃ–

લિંબાયત ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ શિવનગર/શિવાજીનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના ૩૭ લાભાર્થીઓને ટી.પી.સ્કીમ નં. ૬૯(ગોડાદરા–ડીંડોલી), ફા.પ્લોટ નં. ૧૮૧(આર–૭) (૨૮ લાભાર્થીઓને) તથા વડોદ રે.સ.નં. ૧૨ (૦૯ લાભાર્થીઓને) ખાતેના સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા JnNURM-BSUP અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૨૨.૦૯.૨૦૧૪ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે લિંબાયત ઝોન ઓફીસ ખાતે લિંબાયત ઝોનના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્થાનિક મ્યુ. સભ્યશ્રી દયાશંકર સીંગની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૯/૨૦૧૪ તેમજ તા.૨૧/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

**આરોગ્ય વિભાગ દ્વારા ૪૯૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૨૦૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૨,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૮૪૮૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૮૮૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૧૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૯૭ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.**

**આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૨૮,૧૧,૨૮૩/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા પટેલ ૧–૨–૩ ઈન્ડ. વેડરોડ, જી.આઈ.ડી.સી. કતારગામ વિસ્તારમાંથી રૂા.૧૧,૫૪,૦૨૭/– વસુલ કરવામાં આવેલ છે.**

**ઈમ્પેકટ ફીની અરજી ૪૯૩ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૫,૯૯,૫૨૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.** EWS **આવાસમાંથી રૂા.૮૯,૭૪૯/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૦ લારી જપ્ત કરવામાં આવેલ છે.**

## તા.૧૫.૦૯.૨૦૧૪ થી તા.૨૧.૦૯.૨૦૧૪ સુધીમાં સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૯૭૪ ફાઈલોનો નિકાલ કરવા બાબતઃ–

**તા.૧૫.૦૯.૨૦૧૪ થી તા.૨૧.૦૯.૨૦૧૪ સુધીમાં** સાઉથઝોન(ઉધના) ના **ઈજનેર વિભાગ ધ્વારા** ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૯૭૪** ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ **૨૯૯** ફાઈલના **રૂા.૪૮.૭૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૧૫૫ લો**કેશન(ખાડા)**૩૩૯૫.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૨૩૨.૫૭૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૫૯** લોકેશન (ખાડા) **૨૬૦૫.૦૦ ર.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ–૪૨** લોકેશન **૧૯૪૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,**કુલ–૨૫૦** વરસાદી જાળિયા સફાઈ તથા **૩૬** મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ **:૩૬** લારી ગલ્લા ઉપાડવામાં આવેલ, ટી.પી.૫૭(પાંડેસરા) માં આવેલ ગુલશનનગર ૧૨ઉ૦ રોડ પરના ઝુપડા દૂર કરી ૬૦.૦ ચો.મી. જગ્યા ખુલ્લી કરેલ છે.,બી.આર.ટી.એસ.કેનાલ રોડ પર દિવાલ નું ૧૫.૦ ચો.મી. બાંધકામ દૂર કરવામાં આવેલ છે.તથા ટી.પી.ર(ઉધના) માં આવેલ દસ્તગીરનગર/પટેલનગર ખાડી કિનારા માર્જીનના ઝુપડા દૂર કરી ૬૦૦.૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરેલ છે.,તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા :**૨૦૭** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૨૫૯** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૪૪૨.૭૨** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૯૬.૨૪** લાખ થયેલ છે.,**૭૧** EC તથા **૫૯** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૩,૩૫૪/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૩૨,૩૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૨૮૫** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૮૦** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે.તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ**૨૬૯૬** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ**૬૪૯** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૨૨૩.૮૪૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ**૨૧૪** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા.૧૫,૪૫૦/–** છે.તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૬૯૫૩૦** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ**૧૫૯૭૭૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૫૨૨** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૫૯૨૪** કરવામાં આવેલ છે. જયારે **૨૪૬** નોટીસ આપવામાં આવેલ છે.વહીવટી ખર્ચઃ **રૂા.૨૪,૦૦૦/–**વસુલ કરવામાં આવેલ છે

## ખેલ મહાકુંભ–૨૦૧૪
## રજીસ્ટ્રેશનની મુદતમાં વધારો

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે સમગ્ર રાજયમાં ગ્રામ્ય/ઝોન કક્ષા થી રાજયકક્ષા સુધી વિવિધ રમતોની સ્પર્ધાઓના ''ખેલમહાકુંભ–૨૦૧૪''નું આયોજન આગામી તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૨૨/૧૧/૨૦૧૪ દરમ્યાન કરવામાં આવનાર છે. સદર આયોજનમાં સમાવિષ્ટ વિવિધ રમતોમાં ભાગ લેવા માગતા ખેલાડીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી **તા.૩૦/૦૯/૨૦૧૪ સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન www.khelmahakumbh.org પર કરવામાં આવશે.** આ ખેલ મહાકુંભ–૨૦૧૪માં શહેરનાં નગરજનોને મોટી સંખ્યામાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વ્યવસાયવેરાની વસુલાત કરવા બાબતઃ–

સુરત મહાનગરપાલિકા ધ્વારા વ્યવસાયવેરાની વસુલાત કરવામાં આવે છે. ગત નાણાકીય વર્ષ દરમ્યાન વ્યવસાયવેરા પેટે રૂા.૧૦૦ કરોડની આવક પ્રાપ્ત થયેલ હતી. વ્યવસાયવેરા ધ્વારા વધુ આવક મેળવવાના હેતુસર મહાનગરપાલિકાના તમામ ઝોન ધ્વારા વર્ષની શરૂઆતથી જ આયોજનબધ્ધ રેવન્યુ કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ચાલુ નાણાકીય વર્ષમાં ૨૨ મી સપ્ટેમ્બર સુધીમાં મહાનગરપાલિકાએ ઈ.સી. અને આર.સી. કરદાતાઓ પાસેથી રૂા. ૫૦ કરોડની વસુલાત કરેલ છે. જેમાં ગત વર્ષના ૨૨ મી સપ્ટેમ્બર સુધીમાં ૩૭ કરોડની વસુલાત થયેલ હતી. આમ ચાલુ નાણાંકીય વર્ષમાં ૧૩ કરોડનો વધારો થવા પામેલ છે. વ્યવસાયવેરા વસુલાતની કામગીરી સાથે સંકળાયેલ તમામ ઝોનના સ્ટાફની સારી કામગીરીને લીધે આવક વધવા પામેલ છે. તેમજ આર.સી. કરદાતાઓનું એસસેમેન્ટની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવેલ છે. ચાલુ નાણાકીય વર્ષમાં ઈસ્યુ કરવામાં આવતા પ્રોપર્ટી ટેક્ષના બીલ પર પણ જે કરદાતાઓ વ્યવસાયવેરો ભરપાઈ કરવાને પાત્ર હોય, તેઓને વ્યવસાયવેરો ભરપાઈ કરવા અંગેની સુચના આપવામાં આવેલ છે. હજુ પણ ધંધા, રોજગાર સાથે સંકળાયેલ સંસ્થા, પેઢી કે વ્યકિત વર્ગો કે જેઓ ઈ.સી. તથા આર.સી. કરદાતાને પાત્ર છે. તેઓને નજીકની ઝોન ઓફિસનો સંપર્ક કરી નોંધણી કરાવી વ્યવસાયવેરો ભરપાઈ કરવા તથા વર્ષ ૨૦૧૪–૧૫ માં ઈ.સી. કરદાતાઓ માટે વ્યવસાયવેરો ભરપાઈ કરવાની અંતિમ તા.૩૦–૦૯–૨૦૧૪ હોય, તે તારીખ સુધીમાં વ્યવસાયવેરો ભરપાઈ કરી વ્યાજ તથા દંડનીય કાર્યવાહીથી બચવા મહાનગરપાલિકાની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૨/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૭૦૬૧૭ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૫૩૯૬૭ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૬૩૦ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૫૭૩૩ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૫૪૪ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૩૮૫ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૬૨ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૫૧ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૨૧૦ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૭ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૨૧૭ નોટિસો આપવામાં આવી અને ૪૦૮૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છછરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

## "નવરાત્રિ પર્વોત્સવ ઉજવણી"

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૫/૦૯/૨૦૧૪ થી તા.૦૩/૧૦/૨૦૧૪ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો અને ગરબા સ્પર્ધાનું આયોજન દરરોજ સાંજે ૬.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવેલ છે. આ ફુડફેસ્ટીવલમાં વિવિધ વાનગીઓના સથવારે વૈવિધ્ય સભર સાંસ્કૃતિક કાર્યક્રમોને માંણવા શહેરની કલાપ્રિય જનતાને હાર્દિક નિમંત્રણ છે.

### :: સાંસ્કૃતિક કાર્યક્રમોની વિગત::

| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧ | ૨૫/૦૯/૨૦૧૪ ગુરૂવાર | શુભારંભ / આરતી / ન.પ્રા.શિક્ષણ સમિતિની શાળાઓના ગરબા/રાસ/લોકનૃત્ય |
| ૨ | ૨૬/૦૯/૨૦૧૪ શુક્રવાર | માધ્યમિક વિભાગની શાળાના ગરબા સ્પર્ધા |
| ૩ | ૨૭/૦૯/૨૦૧૪ શનિવાર | ટેપર્ઝ ડાન્સ સંસ્થા / સર્જનશ્રી સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ |
| ૪ | ૨૮/૦૯/૨૦૧૪ રવિવાર | સરગમ ડાન્સ એકેડેમી સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ |
| ૫ | ૨૯/૦૯/૨૦૧૪ સોમવાર | સોલો ડાન્સ કોમ્પીટીશન |
| ૬ | ૩૦/૦૯/૨૦૧૪ મંગળવાર | નૃત્યમ નર્તમ અકાદમી / મહિધરપુરા અર્બન પ્રાથમિક કન્યા વિદ્યાલય, અંબાબા કેમ્પસ |
| ૭ | ૦૧/૧૦/૨૦૧૪ બુધવાર | વૈષ્ણવ સંગઠન કલા સંસ્થા / સુમન શાળાઓનો રંગારંગ કાર્યક્રમ |
| ૮ | ૦૨/૧૦/૨૦૧૪ ગુરૂવાર | આઠમ(શેરી ગરબા સ્પર્ધા ) |
| ૯ | ૦૩/૧૦/૨૦૧૪ શુક્રવાર | દશેરો–(સરગમ મ્યુઝીકલ નાઈટ) |

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

**આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૧૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૬,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૧૧૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૭૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૩૫૦/– વસુલ લેવામાં આવેલ છે.**

**આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૫૧,૧૫,૦૪૯/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા પટેલ ૧–૨–૩ ઈન્ડ. વેડરોડ, જી.આઈ.ડી.સી.કતારગામ વિસ્તારમાંથી રૂા.૧૦,૩૬,૭૫૬/– વસુલ કરવામાં આવેલ છે.**

**ઈમ્પેકટ ફીની અરજી ૬૮ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા. ૧૭,૧૮,૦૧૨/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા. ૯૭,૦૦૨/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.**

## સુરત મહાનગરપાલિકા સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ દ્વારા 'મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનહ સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબારી યાદીઃ–

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ ધ્વારા સ્થાીનક મ્યુ.કોર્પોરેટરશ્રીના સહયોગથી સખત અસરકારક કામગીરીના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન સંલગ્ન વેસુ વોર્ડ વિસ્તાર તથા પનાસ વોર્ડ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ તા.૨૩/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ જે અન્વયે ૬૨ સુપરવાઈઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૧૨૬ સફાઈ કામદારો,૪૪ લોકસેવા બેલદાર,ડ્રેનેજ વિભાગના ૧૦ બેલદારો દ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે અન્વયે સદર સફાઈ ઝુંબેશમાં ૩૬ ઈસમો પાસેથી રૂા. ૪૦,૫૦૦/– વહીવટી વસૂલાત કરવામાં આવેલ તેમજ આકારણી વિભાગ દ્વારા રૂા.૨,૫૭,૪૮૩/– વેરા વસૂલાત લેવામાં આવેલ. સદર કાર્યક્રમમા રસ્તાં વિભાગ,ડ્રેનેજ વિભાગ,ગુમાસ્તા વિભાગ,વી.બી.ડી.સી. વિભાગ,ગાર્ડન વિભાગ લાઈટ વિભાગને લાગત કામગીરી પણ કરાવવામાં આવેલ છે.

## ખેલ મહાકુંભ–૨૦૧૪
## રજીસ્ટ્રેશનની મુદતમાં વધારો

**સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે સમગ્ર રાજયમાં ગ્રામ્ય/ઝોન કક્ષા થી રાજયકક્ષા સુધી વિવિધ રમતોની સ્પર્ધાઓના "ખેલમહાકુંભ–૨૦૧૪"નું આયોજન આગામી તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૨૨/૧૧/૨૦૧૪ દરમ્યાન કરવામાં આવનાર છે. સદર આયોજનમાં સમાવિષ્ટ વિવિધ રમતોમાં ભાગ લેવા માગતા ખેલાડીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી <u>તા.૩૦/૦૯/૨૦૧૪ સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન www.khelmahakumbh.org પર કરવામાં આવશે.</u> આ ખેલ મહાકુંભ–૨૦૧૪માં શહેરનાં નગરજનોને મોટી સંખ્યામાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.**

ગુજરાત મહિલા આર્થિક વિકાસ  નિગમ લિ .ગાંધીનગર તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આજ રોજ તા/૩૨.૯ ના રોજ સાયન્સ સેન્ટર સુરત ખાતે મહિલા ૧૪/જાગૃતિ શિબિરનું આયોજન કરવા

ગુજરાત મહિલા આર્થિક વિકાસ  નિગમ લિ .ગાંધીનગર તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આજ રોજ તા/૩૨.૯ ના રોજ સાયન્સ સેન્ટર સુરત ખાતે મહિલા ૧૪/જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું .જેમાં સુરત મહાનગરપાલિકાના માન,મેયરશ્રી  નિરંજનભાઇ ઝાંઝમેરા. શાસકપક્ષના નેતાશ્રી  કિશોરભાઇ  બિંદલ ,રૂગ્ણાલયો સમિતિના અધ્યક્ષશ્રી ડૉ .રવિન્દ્ર એસ પાટીલ ,આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી અનિલભાઇ  બિસ્કીટવાલા, મે .કમિશ્નરશ્રી મિલિંદ તોરવણે, ડે .કમિશ્નરશ્રી હેલ્થ એન્ડ હોસ્પિટલ ડૉ .હેમંતભાઇ દેસાઇ, શાસનાધિકારીશ્રી  હિતેશ માખેજા તથા ડૉ  . .વિકાસબેન દેસાઇ હાજર રહયા હતા

સમારંભનો પ્રારંભ સ્વાગત પ્રવચન ડૉ .હેમંત દેસાઇ દ્વારા કરવામાં આવ્યું .તેમણે મહિલા શિબિર યોજવાનો હેતુ જણાવ્યો તથા મહિલા સશકિતકરણ માટે થયેલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલ કામગીરીની માહિતી આપી ત્યારબાદ . સૌ મહાનુભાવોનું પુષ્પોથી સ્વાગત કરવામાં આવ્યુ સમારંભનું .ઉદ્દઘાટન માન .મેયરશ્રી દ્વારા  દીપ પ્રાગટય કરી કરવામાં આવ્યુ .કમિશ્નરશ્રી  દ્વારા સમાજ પ્રત્યે મહિલાઓના  યોગદાનની સમજ આપવામા આવી .તેમણે સૌને કુપોષણ મુકત સુરત બનાવવા  હાકલ કરી.

માન .મેયરશ્રીએ સ્ત્રીઓમાં રહેલ સહનશકિત તથા સમજણશકિત ની વાત કરી .તેમણે સ્ત્રીઓ સ્વનિર્ભર થાય તે માટે રાજય સરકારના પ્રયાસોને  બિરદાવ્યા .તેમણે  દિકરીઓને વધુમાં વધુ  શિક્ષત થવા કહયુ .સુરત શહેર દરેક રીતે સુખી સમૃધ્ધ હોય ત્યારે કુપોષણ સુરતમાં શા માટે રહે? તેમણે આંગણવાડી બહેનો ને સમાજમાં તેમનું મહ્ત્વ સમજાવ્યુ.

સમારંભના બીજા તબકકામાં   વિવિધ  નિષ્ણાંતો દ્વારા  વકતવ્ય આપવામાં આવ્યુ.  જેમાં ડોવિકાસબેન . ,આરોગ્ય દેસાઇએ પોષણ અને  વિકાસ પર વકતવ્ય રજુ કયુ શાસના અધિકારીશ્રી .હિતેશ માખેજા દ્વારા મહિલાઓ માટેની  શિક્ષણને લગતી  વિવિધ સરકારી યોજનાઓની માહિતી આપી ડી  વિભાગના.સી.યુ.પ્રોગ્રામ ઓફિસરશ્રી રણછોડભાઇ પટેલ દ્વારા  શહેરી  વિસ્તારની મહિલાઓ માટે સરકારી યોજનાઓની માહિતી આપીજિલ્લા ગ્રામિણ    .  વિકાસ એજન્સીનાશ્રી મયુરીબેન વાડીયા દ્વારા  ગ્રામ્ય  કક્ષાની  વિવિધ સરકારી યોજનાઓની  વિસ્તૃત જાણકારી આપવામાં આવી .આર એચ  વિભાગના મેડીકલ ઓફિસર.સી.ડૉ .પ્રકાશ પટેલ દ્વારા  મહિલાઓના આરોગ્ય માટેની વિવિધ સરકારી યોજનાઓની માહિતી આપી.

અંતમાં મેડીકલ ઓફીસર ડૉ .એચ કે સોંધરવાએ તમામ મહાનુભાવો તેમજ તમામ  નિષ્ણાંતો અને આઇ એસ આંગણવાડી  કાર્યકર બહેનો તથા  વિસ્તારની.ડી.સી.કિશોરી બહેનોનો આભાર વ્યકત કર્યો

## સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરનાનાગરિકોનેમહાનગરપાલિકાને લગતી વિવિધ સેવાઓ સરળતાથી મળી રહે તે માટે ઇન્ફર્મેશન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરનાનાગરિકોનેમહાનગરપાલિકાને લગતી વિવિધ સેવાઓ સરળતાથી મળી રહે તે માટે ઇન્ફર્મેશન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા સતત પ્રયત્નશીલ છે.મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતી સેવાઓસંદર્ભે નાગરિકો દ્વારા ફરિયાદ નોંધણી નાગરિક સુવિધા કેન્દ્ર, વેબસાઈટ અને સિંગલ નંબર હેલ્પલાઈન મારફત સરળતાથી થઇ શકે છે.

પ્રવર્તમાનસમયમાંમોબાઈલકોમ્યુનીકેશનમાં આવેલ ક્રાંતિને કારણે સમાજના તમામ વય અને સ્તરનાનાગરિકોસ્માર્ટફોનનો ઉપયોગ કરતા થયા છે.નાગરિકોમાં વિવિધ સોશિયલમીડિયાએપ્લીકેશનજેવીકેWhatsApp અનેFacebook ખુબજ લોકપ્રિય છે. નાગરિકો સાથે સોશિયલમીડિયા થકી સંપર્કસ્થાપીસીટીઝનએન્ગેજમેન્ટથઇ શકે તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૯ ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજથીએક નવતર પહેલ શરૂ કરવામાં આવેલ. આ પહેલ અંતર્ગત મહાનગરપાલિકાને લગતી ફરિયાદ **WhatsApp**મારફતફોટોગ્રાફ્સસહીત(+91) 762 3838 000 નંબર ઉપરનોંધણી થઇ શકે તેમુજબનીવ્યસ્થા"સુમન સંવાદ" શરુકરવામાં આવેલ.

સદરસુવિધાને લોકોનેઘણોજસારો પ્રતિસાદ મળ્યો છે અને એક મહિનાનાસમયગાળા દરમ્યાન ૨૨,૦૦૦થી વધુ મેસેજ મુકરર કરેલ મોબાઈલનંબરઉપર મળેલ છે. જે પૈકી ફરિયાદ સ્વરૂપમળેલ મેસેજની સંખ્યા ૨૫૦૦+ જેટલી થાય છે. સદરફરિયાદોનેકોમ્પ્યુટરાઈઝ્ડસીસ્ટમમાં નોંધી તેનો કમ્પ્લેઇન નંબર અનેસંબધિત અધિકારીની વિગતો SMS મારફતપૂરી પાડવામાં આવેલ.

**WhatsApp**મારફતફોટોગ્રાફ્સ સાથે મળતી ફરિયાદને કારણે ફરિયાદને સહેલાઈથી આઇડેન્ટિફાયકરીઝડપીનિરાકરણ લાવીશકાયેલ છે. આ પ્રકારે મળેલ ફરિયાદો પૈકી મુખ્યત્વે૪૬૮-સ્ટ્રીટલાઈટનેલગતી, ૪૧૭-ડ્રેનેજને લગતી, ૩૮૯-સાફ-સફાઈને લગતી, ૩૫૪-રસ્તારીપેરીંગને લગતી ફરિયાદોછે. મળેલ ફરિયાદ પૈકી ૭૮% થી વધુ ફરિયાદનો નિકાલ પણકરવામાં આવેલ છે.નિકાલ થયેલ ફરિયાદ સંદર્ભે,ઘણાનાગરિકો દ્વારા "Thank you for cooperation and fast treatment", "Thanks for attending complaint", "Thanks a lot to SMC", "Thanks for solving my complaint" વિગેરે જેવા પોઝીટીવ પ્રતિભાવ પણ મળેલ છે.

અત્રે એ ધ્યાને આવેલ છે કે,**WhatsApp**દ્વારામળેલઘણી ફરિયાદ અપૂરતી વિગત હોવાને કારણે નોંધીશકાતી નથી. સુરતમહાનગરપાલિકાદ્વારા શરૂ કરવામાં આવેલ "સુમનસંવાદ"નોવધુને વધુ લોકો લાભલે તે માટે ફરિયાદના યોગ્ય વર્ણન સાથે લાગતઝોન અનેફરિયાદના સ્થળની ચોક્કસ વિગત પૂરીપાડવા અનુરોધ છે

## મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલના વયનિવૃત્ત કર્મચારી વિદાય સમારંભમાં એમને ભાવભીની વિદાય કરવા બાબતઃ–

સુરત મહાનગરપાલિકા સંચાલિત મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલના વયનિવૃત્ત કર્મચારી શ્રીમતી વાસંતીબેન ગોવિંદજી સુમરા (આયા) તરફથી અત્રેની મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલને આશરે રૂા.૨૦,૦૦૦/–ની કિંમતના ચારસા નંગ–૫૦, લીલી ચાદર નંગ–૫૦ તથા ગરમ ધાબળા નંગ–૨૫ દાનમાં મળેલ. જે અન્વયે અત્રેથી હોસ્પિટલમાં એમના વિદાય સમારંભમાં એમને ભાવભીની વિદાય આપી આ ઉમદા દાન માટે એમનું પુષ્પગુચ્છ અને સુતરની આંટીથી બહુમાન કરવામાં આવેલ. બહુમાન કરતા લાગણીસભર દ્રશ્યો જોવા મળેલ. કોઈપણ અન્ય દાતાશ્રીએ પણ આ શહેરના ગરીબ અને મધ્યમવર્ગની જનતાને સેવા આપવાની આ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલને લગતી ચીજો (વસ્તુ)ઓ દાનમાં આપવું હોય તો મેડીકલ સુપ્રિ. એન્ડ ડાયરેકટરશ્રી (મેડીકલ એજયુ. એન્ડ રીસર્ચ) ને ફોન નં.૯૭૨૪૩૪૫૦૦૪/ (૦૨૬૧)૨૪૨૦૫૧૯ નો સંપર્ક કરવો.

## JnNURM-BSUP અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહી બાબતઃ–

વરાછા ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ શકિતવિજય ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૧૩, અશોકનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૨, ધરતીનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૨, મહાકાળીનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧ તથા જવાહરનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૨ લાભાર્થીઓને ટી.પી. સ્કીમ નં. ૭ (વેસુ) ફા.પ્લોટ નં. ૧૨૫ (૧૬ લાભાર્થીઓને), ટી.પી.સ્કીમ નં. ૬૯ (ગોડાદરા–ડીંડોલી) ફા. પ્લોટ નં. ૧૮૩ (આર–૯) (૦૪ લાભાર્થીઓને) ખાતેના સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા JnNURM-BSUP અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૨૩.૦૯.૨૦૧૪ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે વરાછા ઝોન ઓફીસ ખાતે વરાછા ઝોનના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતિ મીતાબેન અનીલભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉચુ લાવી શકશે.

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ડ્રાય ડે ના અનુસંધાને કરવામાં આવેલ કામગીરીની વિગત

**અધિક નિયામકશ્રી(આરોગ્ય), આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આ.વિ.), ગાંધીનગર દ્વારા મહાનગરપાલિકાના વિસ્તારોમાં અઠવાડિક ધોરણે "ડ્રાય ડે"(ઘરમાં પાણી સંગ્રહ કરવામાં આવતાં તમામ પાત્રો જેવાં કે માટલાં, બેડાં, પવાલી, ડ્રમ, કેરબા, ટાંકીને ખાલી કરી ઘસીને સાફ કરી અને સુકવીને તેમાં પાણી ભરવું) ઉજવવાની સુચના આપવામાં આવેલ જેના અનુસંધાને દર રવિવારે સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ કામગીરી કરવામાં આવેલ. ડ્રાય ડે ની ઉજવણીમાં લોકો અઠવાડિયે એક વાર એટલે કે દર રવિવારે ઘરોમાં રાખવામાં આવતાં પાણી સંગ્રહના પાત્રો ખાલી કરી, સાફ કરી અને સુકવ્યા બાદ ફરી તેમાં પાણી ભરવામાં ઉપયોગ કરે તે માટે તેમને સમજાવવામાં આવ્યા. આ ઉપરાંત વિભાગના કર્મચારીઓ દ્વારા ઘરની અગાશીમાં કે ખુલ્લા વિસ્તારમાં પડી રહેતાં નકામા અને પડતર કંટેનરોને જપ્ત કરી તેનો નિકાલ કરાવ્યો(સોર્સ રીડકશન). છેલ્લા ત્રણ રવિવારની કામગીરી નીચે મુજબ છે.**

| તારીખ | સર્વે કરેલ ઘરની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | વિતરણ કરવામાં આવેલા પેમ્ફલેટો | આપવામાં આવેલ નોટિસ | વહીવટી ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૭/૯/૧૪ | ૩૯૭૪૫ | ૭૮૬૬૪ | ૧૧૭૪ | ૪૩૬૪ | ૧૭૦ | ૨૦૧૦૦ |
| ૧૪/૯/૧૪ | ૩૫૮૧૦ | ૬૧૭૬૨ | ૧૧૫૫ | ૩૭૩૩ | ૧૩૨ | ૫૭૫૦ |
| ૨૧/૯/૧૪ | ૩૯૪૦૫ | ૩૦૫૫૬ | ૭૭૧ | ૧૮૭૬ | ૧૩૪ | ૧૮૫૫૦ |
| કુલ | ૧૧૪૯૬૦ | ૧૭૦૯૮૨ | ૩૧૦૦ | ૯૯૭૩ | ૪૩૬ | ૪૪૪૦૦ |

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.ર૩/૦૯/ર૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ર૫૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૯૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૧,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૧ર૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૧૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૭ જગ્યાએ માલુમ ૫ડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫ર ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉ૫ર વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૫૩,૫૩,૩૩૪/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા ૫ટેલ ૧–ર–૩ નિલકંઠ ઈન્ડ., વેડરોડ, નંદુ ડોશીની વાડી, જી.આઈ.ડી.સી.કતારગામ વિસ્તારમાંથી રૂા.૧૧,૮૮,૬૬૧/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૪૫ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૧,૫૫,૫૩૬/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા. ૧,૧૦,૮૦૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

આરોગ્ય વિભાગ દ્વારા તા.ર૪/૦૯/૧૪ ના રોજ સંકલિત ગૃ૫ સફાઈ અન્વયે અમરોલી વિસ્તારમાં સત્તાધાર ચોકડીથી અભિષેક ટાઉનશી૫ અને માનસરોવર સર્કલ સુધીનાં બંને સાઈડના રોડ તેમજ જલારામ પેટ્રોલ ૫ં૫થી ક્રોસ રોડ થઈ રજવાડી પાર્ટી પ્લોટ સુધીના વિસ્તારમાં સફાઈ ઝુંબેશની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદર સફાઈ ઝુંબેશ દરમ્યાન નોર્થઝોનના અધિકારીશ્રીઓ તેમજ અમરોલી વિસ્તારનાં મ્યુ. સદસ્યશ્રીઓએ હાજર રહી જરૂરી માર્ગદર્શન પુરુ પાડેલ. ઝુંબેશ દરમ્યાન ૧૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવેલ અને ૩ર કિ.ગ્રા. અખાધ્ય પ્રદાર્થોનો નાશ કરવામાં આવેલ. ઝુંબેશ દરમ્યાન ૧૦ર વ્યકિત / સંસ્થાઓને નોટીસ આપી સ્થળ ૫ર રૂા. ૬૧૫૦/– ની વહીવટી ખર્ચ પેટે વસુલાત કરવામાં આવેલ છે.

## નોર્થઝોન (કતારગામ) માં આવેલ ટી.પી.સ્કીમ નં. ૨૪ (સીંગણપોર–ટુંકી) વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી.

**ટી.પી.સ્કીમ નં. ૨૪ (સીંગણપોર – ટુંકી) માં આવેલ ફા.પ્લોટ નં.૬૧ થી નોંધાયેલ યુટીલીટી સેન્ટરના રીઝર્વેશનવાળા પ્લોટમાં વર્ષો જુનું કાચા પાકા મકાન અને લારી ગલ્લાનું દબાણ દુર કરી આશરે ૧૨૦૦.૦૦ ચો.મી. માપ વિસ્તારના પ્લોટનો કબજો મેળવેલ છે. વધુમાં આજ ટી.પી.સ્કીમમાં આવેલ ફા. પ્લોટ નં. ૮૨ થી નોંધાયેલ એસ.ઈ.બી.સી. હાઉસીંગ ફોર ઈન્ડ. વર્કસ ના રીઝર્વેશનવાળા પ્લોટમાં ફેબ્રિકેશન શેડ બનાવવાના ઈરાદે શરૂ કરેલ એન્ગલ ચેનલ સહિતનું આશરે ૨૫૦.૦૦ ચો.મી માપ વિસ્તારમાં શરૂ કરેલ અનધિકૃત બાંધકામ દુર કરી કબજો ખુલ્લો કરેલ છે.**

## નોર્થઝોન (કતારગામ) માં આવેલ ટી.પી.સ્કીમ નં. ૩ (કતારગામ) વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી.

**ટી.પી.સ્કીમ નં. ૩ (કતારગામ) માં આવેલ પ્રભુનગર સોસાયટી વિભાગ–૨ ના સબ પ્લોટ નં. ૫૫ તથા ૫૬/એ,બી માં મંજુરી વિના એપાર્ટમેન્ટ બનાવવાના હેતુસર શરૂ કરેલ ગેરકાયદેસર બાંધકામનું કામ આશરે ૧૫૦૦.૦૦ ચો.ફુટ નું તમામ સેન્ટરીંગ કામ દુર કરવામાં આવેલ છે. તેમજ તે અન્વયે મિલ્કતદાર પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે. વધુમાં ટી.પી.સ્કીમ નં. ૩ (કતારગામ), ફા. પ્લોટ નં. ૪૪૦/એ,બી માં આવેલ પારસ સોસાયટી વિભાગ–૨ ના સબ પ્લોટ નં. ૭૫, ૭૬ એપાર્ટમેન્ટ બનાવવાના ઈરાદે શરૂ કરેલ ગ્રા. ફલોર + બે માળ પૈકી ગ્રા.ફલોર બનાવવામાં આવેલ દુકાન નંગ–૮ (આઠ) તેમજ બીજા માળે સ્લેબ ભરવાના ઈરાદે કરવામાં આવેલ આશરે ૨૦૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું સેન્ટરીંગ કામ દુર કરવામાં આવેલ છે. તેમજ મિલ્કતદાર પાસેથી રૂા.૧૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.**

## સુરત મહાનગરપાલિકા
## અખબારી યાદી

ગુજરાત સરકાર ધ્વારા રાજયની તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચાલતા તમામ બ્રીજોના કામો તથા ભવિષ્યમાં બનનાર બ્રીજોના કામોએ ડીઝાઈન અને ડ્રોઈંગની પ્રુફ ચેકીંગની કામગીરી આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગર પાસે કરાવવા માટેનો પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. જે સંદર્ભે સુરત મહાનગરપાલિકાના બ્રીજ તથા બી.આર.ટી.એસ. વિભાગના પ્રગતિ હેઠળના કુલ્લે ૨૨ (બાવીસ) બ્રીજોના પ્રુફ ચેકીંગની કામગીરી સરકારશ્રીના આદેશ મુજબ રાજય સરકારના આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગર પાસે કરાવવા માટે તા.૧૮/૦૯/૨૦૧૪ ના રોજ ડ્રોઈંગ, ડીઝાઈન નોટસ તથા અન્ય વિગતો મોકલવામાં આવેલ હતી. આ કામો તાકીદે શરુ થાય તે માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી સમક્ષ મા.કમિશનરશ્રી અને મા. મેયરશ્રી રજુઆત કરવા ગયેલ હતા. જે સંદર્ભે અગાઉ,

(૧.)તાપી નદી ઉપર હોપપુલની જગ્યાએ રાંદેરથી ચોક વિસ્તારને જોડતો પુલ.

(૨.)તાપી નદી ઉપર પાલીયા કોતર નં.૭ થી જીલ્લાની કોમ્પ્લેક્ષને જોડતો પુલ.

(૩.)કતારગામ મેઈન રોડ ઉપર ફલાયઓવર બ્રીજ.

(૪.) ઉધના વિસ્તારમાં મુંબઈ–સુરત મેઈન રેલ્વેલાઈન ઉપર ભેસ્તાન રેલ્વે સ્ટેશન નજીક એલ.સી. નં.૧૪૩ પર રેલ્વેઓવર બ્રીજ બનાવવાની મંજુરી આપવામાં આવેલ છે.

આજ રોજ તા.૨૩/૯/૧૪ના રોજ સુરત મહાનગરપાલિકાના ચાલતાં તમામ બ્રીજોનાં બાકી રહેલ કામોની પ્રુફ ચેકીંગની કામગીરી માટે રાજય સરકારશ્રી સાથે જરૂરી લાઈઝનીંગની કામગીરી માટે નિયુકત કરવામાં આવેલ ડે.ઈજનેર શ્રી એચ.એમ.સોની તથા આસી.ઈજનેર શ્રી વી.જી.ગડરિયા બાકી રહેલા કામોના ડ્રોઈંગ્સ, ડીઝાઈન, ડીઝાઈન નોટસ, ટેન્ડર સેટ, જીઓ ટેકનીકલ રીપોર્ટ વિગેરે સાથે રૂબરૂ રાજય સરકારના આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગર ગયેલ હતા. જે સંદર્ભે આજ રોજ સુપ્રિન્ટેન્ડન્ટ એન્જીનીયરશ્રી, આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગર મારફતે બીજા અન્ય નીચે દર્શાવેલ સાત(૭) કામોની કામગીરી શરૂ કરવા અંગે પરવાનગી આપવામાં આવેલ છે.

(૧) દિલ્હીગેટ, અમીષા હોટલ અને લાલ દરવાજા જંકશન પર ફલાય ઓવર બ્રીજ.

(૨) વરાછા વિસ્તારમાં આવેલ ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીઝ / સરિતા વિહાર સોસાયટી પાસે ટી.પી.નં.૩૪(મગોબ–ડુંભાલ) નાં ૧૮.૦૦ મીટરના રસ્તા પર ખાડી બ્રીજ.

(૩) તાપી નદી પર અઠવા લાઈન્સ–અડાજણ વિસ્તારને જોડતો Cable Stayed Structure પ્રકારનો પુલ.

(૪) સુરત–ભુસાવલ મેઈન લાઈન ઉપર આવેલ લેવલ ક્રોસીંગ નં.૩–સી ની જગ્યાએ ગોડાદરા થી ડીંડોલીને જોડતાં ૪૫.૦૦ મીટરનાં ટી.પી./ડી.પી. રોડ પર રેલ્વે ઓવર બ્રીજ.

(૫) પુર્વ ઝોન(વરાછા) વિસ્તારમાં બોમ્બે માર્કેટથી પુણાગામ તરફ જતા ૨૪.૦૦ મીટર પહોળા ટી.પી.રોડ પર અર્ચના વિદ્યાલય પાસે ફલાય ઓવર બ્રીજ.

(૬) છાપરાભાઠા મેઈન રોડ પર ગોપીનાથ સોસાયટી પાસે હયાત પુલની બંને બાજુ નવો પુલ.

(૭) ૧૩૬ વર્ષ જુના સ્ટીલ સ્ટ્રકચરવાળા ૩૫.૦૦ મીટર લંબાઈના હોપપુલના એક સ્પાન, બંને તરફના એપ્રોચ સહિત પાલ લેક ગાર્ડન ખાતે પ્રસ્થાપિત કરવાનું કામ.

ઉપરોકત સાતેય બ્રીજોની કામગીરી શરુ કરવા બાબતે ડીઝાઈન સર્કલ, ગાંધીનગર ધ્વારા લેખિતમાં જણાવતાં સ્થળ પર સાતેય બ્રીજોની કામગીરી શરુ કરી દેવા સુચના આવેલ છે. તેમજ બાકીના તમામ બ્રીજોની પ્રુફ ચેકીંગની કામગીરી પણ આગામી ૧૦ થી ૧૫ દિવસમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આમ મહાનગરપાલિકાની મા. કમિશનરશ્રી અને મા. મેયરશ્રીની રજુઆતને ધ્યાને લઈ મા.અધિક મુખ્ય સચિવશ્રી તથા આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગરની ત્વરિત કામગીરીને

**લીધે મહાનગરપાલિકાના કામોની પ્રુફ ચેકીંગની કામગીરી તાકીદના ધોરણે હાથ ધરવામાં આવેલ છે. જેના કારણે ટુંકા સમયગાળામાં ૨૨ (બાવીસ) બ્રીજોનાં કામો પૈકી ૧૧(અગિયાર) કામોની મંજુરી આપવામાં આવેલ છે.**

## રૂગ્ણાલય,વૈદીકીયરાહત અને તંદુરસ્તીવર્ઘક સીમતિએતમામ વિભાગોની મુલાકાત લઈ સમગ્ર હોસ્પીટલની કાર્યવાહી નિહાળવા બાબત:–

સુરત મહાનગરપાલિકાની રૂગ્ણાલય,વૈદીકીયરાહત અને તંદુરસ્તીવર્ઘક સીમતિએ ઠરાવ કરીને તા.૨૪/૦૯/૨૦૧૪ ના રોજ પીપલોદ ખાતે આવેલ ૧૦ માળ ધરાવતી અદ્યતન સનશાઈન હોસ્પીટલના આવેલ આમંત્રણને માન આપી રૂબરૂ મુલાકાતે થયેલ તે સમયે હોસ્પીટલના વાઈસ પ્રેસીડેન્ટ ડો.કાર્તિક જોષીએ તેમના સ્ટાફ સાથે સમિતિનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતુ. આ મુલાકાત દરમ્યાન રૂગ્ણાલયો,વૈદકીયરાહત અને તંદુરસ્તીવર્ઘક સમિતિના સભ્યશ્રીઓ અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી (હે. અને હો.)હાજર રહયા હતા.સીમીતએ હોસ્પીટલના તમામ વિભાગોની મુલાકાત લઈ સમગ્ર હોસ્પીટલની કાર્યવાહી નિહાળી હતી તેમજ ડો.કાતિર્ક જોષીએ તમામ વિભાગોમાં ચાલતી સારવાર તેમજ હોસ્પીટલની અદ્યતન સુવિધાઓ અંગે માહિતી આપી હતી.

## શહેરી ગરીબ કલ્યાણ મેળા–'૧૪

શહેર કક્ષાએ વિધાનસભા ક્ષેત્રોમાં શહેરી ગરીબ કલ્યાણ મેળાઓના આયોજન ધ્વારા સરકારશ્રી તેમજ સુરત મહાનગરપાલિકા અમલીકૃત જે તે વ્યકિતલક્ષી યોજનાના પાત્ર લાભાર્થીઓને ઓળખી કાઢી જરૂરીયાત મુજબ અને સમયસર લાભ આપી શકાય તે હેતુથી અગામી તા.૨૬/૯/'૧૪, શુક્રવારના રોજ ૧૧:૦૦ કલાકે 'સરદાર સ્મૃતિ ભવન', માનગઢ ચોક, મીની બજાર, વરાછા, સુરત. ખાતે યોજાનાર ગરીબ કલ્યાણ મેળામાં શ્રી ગોવિંદભાઈ પટેલ  મા.મંત્રીશ્રી, કૃષિ અને પાણી પુરવઠો, વન અને પર્યાવરણ બાબત તેમજ શ્રી વિવેકભાઈ પટેલ, ચેરમેનશ્રી, ગુ.હા.બોર્ડ, તથા શ્રીમતી લીલાબેન અંકોલીયા, ચેરમેનશ્રી, ગુજરાત રાજય મહિલા આયોગ હાજર રહેનાર છે. આ ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત સુરત મહાનગરપાલિકા અને સરકારશ્રીના વિવિધ વિભાગો ધ્વારા ૨૬૧૪ લાભાર્થીઓને રૂ.૨૮.૭૪ કરોડના લાભોથી લાભાન્વિત કરવામાં આવશે.

તા.૨૮/૯/'૧૪ને રવિવારના રોજ ૧૧:૦૦ કલાકે 'સંજીવકુમાર ઓડીટોરીયમ', રાજહંસ થિયેટરની પાછળ, ન્યુ આર.ટી.ઓ. ઓફિસ નજીક, હજીરા રોડ, પાલ, સુરત ખાતે યોજાનાર ગરીબ કલ્યાણ મેળામાં શ્રી સૌરભભાઈ પટેલ, મા.મંત્રીશ્રી, નાણા, ઉર્જા અને પેટ્રો–કેમીકલ, શ્રી નરહરીભાઈ અમીન,મા.ઉપાધ્યક્ષશ્રી, રાજય આયોજન પંચ તથા શ્રીમતી દર્શનાબેન વાઘેલા, મા.ચેરમેનશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, તેમજ શ્રી વિવેકભાઈ પટેલ, ચેરમેનશ્રી, ગુ.હા.બોર્ડ, હાજર રહેનાર છે. આ ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત સુરત મહાનગરપાલિકા અને સરકારશ્રીના વિવિધ વિભાગો ધ્વારા ૩૦૮૩ લાભાર્થીઓને રૂ.૫૨.૯૬ કરોડના લાભોથી લાભાન્વિત કરવામાં આવશે.

શહેરી વિસ્તારોમાં " સંપુણ સ્વચ્છતા " નું ધ્યેય પ્રાપ્ત કરવા તથા લોક જાગૃતિ લાવવા

ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલયના તા.૦૩/૦૯/૧૪ ના પત્ર મુજબ શહેરી વિસ્તારોમાં " સંપુણ સ્વચ્છતા " નું ધ્યેય પ્રાપ્ત કરવા તથા લોક જાગૃતિ લાવવાના આશયથી તેમજ ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરિપત્ર ક્રમાંક : નમલ / ૧૦૨૦૧૪ / જીઓઆઇ- ૨૨૯ (પાર્ટ-૧) / ધ મુજબ વિવિધ સમુદાયોની સક્રિય ભાગીદારીથી સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકામાં તા.૨૫/૦૯/૧૪ થી ૦૨/૧૦/૧૪ દરમ્યાન "**સ્વચ્છ ભારત સપ્તાહ**" નું આયોજન કરવામાં આવેલ છે.

આ આયોજન અન્વયે નીચે મુજબની કાર્યવાહી કરવાની થાય છે.

| તારીખ | કામગીરીની વિગત |
|---|---|
| ૨૫/૦૯/૨૦૧૪ | મહાનુભાવો, પદાધિકારીશ્રીઓ, ઝોનના કોર્પોરેટરશ્રીઓ, સ્વેચ્છિક સંસ્થાઓ સાથે હેલ્થ - એન્જીન્યરીંગ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ, આરોગ્યલક્ષી શિક્ષણ તેમજ સ્વચ્છતા રાખવા બાબત સંકલ્પ લેવાની કામગીરી |
| ૨૬/૦૯/૨૦૧૪ | ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ રેસ્ટોરેન્ટ/કિચનની સફાઈ વ્યવસ્થા હોટલ ગર્બેજનો નિકાલ તેમજ હોટલ ગ્રેડીંગ અંગેની તપાસણી |
| ૨૭/૦૯/૨૦૧૪ | પે એન્ડ યુઝ ટોયલેટ સ્વચ્છતા અભિયાન<br>પ્રતિબંધિત ૪૦ માઈક્રોન થી ઓછી જાડાઇ અને રિસાયકલેબલ પ્લાસ્ટિક જપ્ત કરવાની કામગીરી |
| ૨૮/૦૯/૨૦૧૪ | શહેરમાં મુકવામાં આવેલ મહાનુભાવોની પ્રતિમાઓ સફાઈ કરવી<br>જાહેર બાગ-બગીચા તેમાં આવેલ શૌચાલય પાણીની ટાંકીઓની સફાઈ |
| ૨૯/૦૯/૨૦૧૪ | શાકભાજી માર્કેટોમાં ઘનિષ્ઠ સફાઈ, વધારાનું દબાણ, વાહનો-લારીઓ દુર કરવાની કામગીરી તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓનો ઉપયોગ અટકાવવા બાબતની જાગૃતિ |
| ૩૦/૦૯/૨૦૧૪ | શાળા/કોલેજો/હોસ્પિટલોમાં સંચાલકોનો અગાઉથી સંપર્ક કરી કાર્યક્રમ "સ્વચ્છતા ઝુંબેશ" બાબતે માહિતી આપવી તથા જે તે દિવસે ઘનિષ્ઠ સફાઈ થાય બાળકો/યુવાનોમાં સ્વચ્છતા જાગૃતિ આવે તેમજ હોસ્પિટલ વેસ્ટનો જીપીસીપી ગાઈડલાઈન મુજબ નિકાલ થાય તે મુજબ કામગીરી કરાવવી. |
| ૦૧/૧૦/૨૦૧૪ | સંસ્થાની અન્ય જાહેર મિલકતો-વોટર વર્કસ/પમ્પીંગ સ્ટેશન/આંગણવાડી વિભાગ/નદી, તળાવ, ઓવારા વિભાગની ઘનિષ્ઠ સફાઈની કામગીરી કરાવવી |
| ૦૨/૧૦/૨૦૧૪ | અનુદાન સોસાયટીઓના પ્રમુખો દ્વારા સફાઈ કરવામાં આવે તેમજ સંકલ્પ પત્ર વાંચવામાં આવે તેવી વ્યવસ્થા કરવી |

ઉપરોક્ત સ્વચ્છતા અભિયાનમાં મોટા પાયે લોકભાગીદારી મેળવી શકાય તે માટે માનનીય મેયરશ્રીની અધ્યક્ષતામાં "**મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન**" ટાસ્ક-ફોર્સની રચના કરી મીટીંગમાં સ્વેચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ ને સાંકળીને તેમનો સહકાર મળે અને આ સ્વચ્છતા મિશન માત્ર સરકારી પ્રોગ્રામ ન રહી સાચા અર્થમાં લોકભાગીદારી કેળવાય તે માટે તા. ૨૩/૦૯/૨૦૧૪ના રોજ મેયરશ્રી દ્વારા અપીલ કરવામાં આવી.

તા. ૨૫/૦૯/૨૦૧૪ના રોજ કતારગામ પારસ શાક માર્કેટ પાસેથી માન્ય મેયરશ્રી દ્વારા આ કાર્યક્રમ સફળ બનાવવા, લોકભાગીદારી મેળવવા માટે કુલ-૭ "સ્વચ્છતા રથ" પ્રસ્થાન કરાવવી જન-જાગૃતિ

અભિયાનની શરૂઆત કરવામાં આવનાર છે. તેમજ લોક-જાગૃતિ માટે સ્વચ્છતાના સંદેશા હોર્ડિંગ દ્વારા શહેરના મુખ્ય વિસ્તારોમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે.

**તા.૨૪/૦૯/૨૦૧૪ ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ધ્વારા ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓને માળખાકીય વિકાસ કાર્યો માટે સહાયના ચેકોની અર્પણવિધીનો કાર્યક્રમ યોજવામાં આવેલ.**

તા.૨૪/૦૯/૨૦૧૪ ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ધ્વારા ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓને માળખાકીય વિકાસ કાર્યો માટે સહાયના ચેકોની અર્પણવિધીનો કાર્યક્રમ યોજવામાં આવેલ.

જેમાં સુરત શહેરના વિવિધ વિકાસના કામો માટે મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ હસ્તે સુરત શહેરના મા.મેયર શ્રી નિરંજન ઝાંઝમેરા તથા મા.મ્યુ.કમિશ્નર શ્રી મિલિન્દ તોરવણેને રાજય સરકાર તરફથી **રૂા.૪૦૧.૮૧ કરોડ**નો ચેક અર્પણ કરવામાં આવેલ છે. જેનાથી સુરત શહેરના વિકાસને વેગ મળશે.

આ પ્રસંગે સુરત શહેરના મા.મેયર શ્રી નિરંજન ઝાંઝમેરા, મા.મ્યુ.કમિશ્નર શ્રી મિલિન્દ તોરવણે, મા.ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી નિરવ શાહ, શાસક પક્ષના નેતા શ્રી કિશોરભાઈ બિંદલ તથા શાસક પક્ષના દંડક શ્રી મનોજભાઈ લોટવાલા ઉપસ્થિત રહયા હતા.

સુરત શહેરના માળખાકીય વિકાસના કાર્યો માટે રાજય સરકાર તરફથી મળેલ રકમ **રૂા.૪૦૧.૮૧ કરોડ**નો ચેક આપવા બાબતે મા.મેયરશ્રી, મા.મ્યુ.કમિશ્નરશ્રી, મા.ડે.મેયરશ્રી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી, શાસક પક્ષના નેતાશ્રી તથા શાસક પક્ષના દંડકશ્રીએ મા.મુખ્યમંત્રીશ્રીનો સમગ્ર સુરત શહેરની જનતા વતી આભારપત્ર આપી આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## સુરતઃ– ભારત સરકારનું શહેરી વિકાસ મંત્રાયલ દેશના શહેરી વિસ્તારોમાં '' સંપૂર્ણ સ્વચ્છતા '' નું ધ્યેય પ્રાપ્ત કરવા કટિબધ્ધ છે. તે અંતર્ગત તા.૨૫/૦૯/૨૦૧૪ થી તા.૦૨/૧૦/૨૦૧૪ દરમ્યાન '' સ્વચ્છ ભારત સપ્તાહ '' ઉજવવા બાબતઃ–

સુરતઃ– ભારત સરકારનું શહેરી વિકાસ મંત્રાયલ દેશના શહેરી વિસ્તારોમાં '' **સંપૂર્ણ સ્વચ્છતા** '' નું ધ્યેય પ્રાપ્ત કરવા કટિબધ્ધ છે. તે અંતર્ગત **તા.૨૫/૦૯/૨૦૧૪ થી તા.૦૨/૧૦/૨૦૧૪** દરમ્યાન '' **સ્વચ્છ ભારત સપ્તાહ** '' ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે. આ ઝુંબેશના પ્રારંભરૂપે સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનના કાકા કાલેલકર ઉધાન પાસે સંજયનગર ચાર રસ્તા પર ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, ધારાસભ્યશ્રી રાજાભાઈ પટેલ, સુરત મહાનગરપાલિકાની સ્લમ સમિતિના અધ્યક્ષા શ્રીમતી મીતાબેન ચૌહાણ, રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષ શ્રી ડો.રવિન્દ્ર પાટીલ તેમજ કોર્પોરેટર શ્રી દયાશંકરસિંહ, શ્રી રાવસાહેબ પાટીલ, શ્રીમતી લક્ષ્મીબેન રાપોલુ ની ઉપસ્થિતિમાં વિશાળ સંખ્યામાં લોકોએ સંકલ્પ લીધો હતો. તેવી જ રીતે લિંબાયત શાહપુરા સાથે આંગણવાડીના ઉદઘાટન પ્રસંગે જાહેર જનતાને આસી.કમિશ્નર શ્રીમતી ગાયત્રી જરીવાલાએ સફાઈ અંગેનો સંકલ્પ લેવડાવ્યા હતા. તેમજ લિંબાયત ઝોન ખાતે અને વિવિધ વોર્ડ ઓફિસોમાં કર્મચારીઓ અને કામદારોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કચેરીઓની સફાઈ તથા શહેરની સફાઈ અંગે સંકલ્પ લીધા હતા.

'' **સ્વચ્છ ભારત અભિયાન** '' અંતર્ગત કમિશ્નરશ્રીની સુચના અનુસાર ''Integrated Health - Engineering Action Plan'' મુજબ **લિંબાયત વિસ્તારના (૧) સંજયનગર લાયબ્રેરી સર્કલથી આંગણવાડી સુધી તેમજ શિવાજી પ્રતિમા સાઈડનો રોડ અને આજુબાજુનો વિસ્તાર, (૨) શિવકૃપા માનવકેન્દ્ર – શિવાજીનગર વિસ્તાર, (૩) સંજયનગર સર્વે નં.–૪૮, ગલી નં.૧ થી ૭ નો વિસ્તાર, (૪) સંજયનગર, શાંતિકુંજ ગાર્ડન સર્કલ થી આસ્તિકનગર બોર્ડર સુધીનો રોડ અને સર્વે નં.–૧,૨, ગલી નં.૧ થી ૫ ના સમગ્ર વિસ્તારોમાં** આરોગ્ય, ઈજનેરી ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કામગીરી એડી.સીટી ઈજનેર શ્રી જે.કે.શાહના સીધા માર્ગદર્શન હેઠળ, આસી.કમિશ્નર શ્રીમતી ગાયત્રી આર. જરીવાલા,કાર્યપાલક ઈજનેરશ્રી રાજેશ. સી. જરીવાલા ની આગેવાની હેઠળ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી, આસી. જંતુનાશક અધિકારીશ્રી, ડે.ઈજનેરશ્રી, મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, જુ./આસી.ઈજનેર, તેમજ સુપરવાઈઝર સ્ટાફ, સફાઈ કામદાર/ બેલદાર દ્વારા કરવામાં આવેલ હતી.

જેમાં ઉપરકોત વિસ્તારમાં રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ (રેતી, કપચી, ઈંટ,) તેમજ કચરો અને કચરા મિશ્રિત માટી કુલ **–૩૨.૩૪૦મેટ્રિક ટન** નિકાલ કરાવવામાં આવ્યો હતો. આંગણવાડી– **૦૩** તેમજ શૈક્ષણિક સંસ્થા–**૦૨** ની આજુબાજુ સાફ–સફાઈ/રીપેરીંગ કામગીરી કરવામાં આવી હતી. સ્ટ્રોમ વોટર ડ્રેઈનના ઈનલેટ ચેમ્બર સંખ્યા **–૫૨** ની ડીસીલ્ટીંગ કામગીરી કરવામાં આવી હતી. ફુડ અને આરોગ્ય વિભાગ દ્વારાઃ– **૭૨** હોટલ/રેસ્ટોરન્ટ/ લારી ગલ્લા સંખ્યા ચેક કરી–**૧૭** કિલોગ્રામ અખાધ પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. દરમ્યાન જાહેરમાં ન્યુસન્સ કરતી સંસ્થા / ઈસમોને –**૫૭** નોટીસ ફટકારી **રૂા.૩૩, ૮૦૦/–** વહીવટીચાર્જ વસુલ કરવામાં આવેલ છે. **કુલ–૧૨** લાઈટ સ્ટ્રીટ પોલ ચેક કરી,**:– ૦૭** રીપેરીંગ કરવામાં આવ્યા. વેબસાઈટ, હેલ્પ લાઈન અને

## ખેલ મહાકુંભ–૨૦૧૪
## ''મશાલ રેલી(બેટન રીલે)''

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે સમગ્ર રાજયમાં ગ્રામ્ય/ઝોન કક્ષા થી રાજય કક્ષા સુધી વિવિધ રમતોની સ્પર્ધાઓના ''ખેલમહાકુંભ–૨૦૧૪''નું આયોજન આગામી તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૨૨/૧૧/૨૦૧૪ દરમ્યાન કરવામાં આવનાર છે. જે અંતર્ગત દર વર્ષની જેમ આ વર્ષે પણ બેટન રેલી(મશાલ રેલી) તા.૧૧/૦૯/૨૦૧૪ના રોજ ગાંધીનગર ખાતેથી પ્રસ્થાન થઈ રાજયના વિવિધ ભાગોમાંથી પસાર થઈ તા.૨૪/૦૯/૨૦૧૪ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સચીન કણદેથી સુરત શહેરમાં પ્રવેશી હતી. જયાં મહાનુભાવોના વરદહસ્તે બેટન રીલેને આવકારવામાં આવી હતી. જેના સમારંભમાં શારદાયતન સ્કુલના પ્રિન્સીપાલશ્રી સુષ્માબેન અગ્રવાલએ સર્વેને આવકાર્યા હતા. પ્રસંગોચિત ઉદબોધનમાં માજી. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈએ સર્વેને આવકારતા જણાવ્યું હતું કે, હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ રાજયમાં પ્રસ્થાપિત કરેલ નવો આયામ, ''ખેલ મહાકુંભ''નો આ વર્ષનો આરંભ બેટન રીલે દ્વારા ગાંધીનગર ખાતેથી તા.૧૧/૦૯/૨૦૧૪થી શરૂ થઈ હતી. જે તા.૨૪/૦૯/૨૦૧૪ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સુરતમાં પ્રવેશેલ છે. રમતગમતના આ મહાઅભિયાનમાં સુરત શહેરએ છેલ્લા બે વર્ષથી મેડલ ટેલીમાં રાજયમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. આ વર્ષે પણ પ્રથમ ક્રમ મેળવશે એવી શુભકામના.

પ્રસંગોચિત ઉદબોધનમાં ધારાસભ્યશ્રી અજયભાઈ ચોકસીએ જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભ–૨૦૧૪ના રમતગમતના નિયમોમાં ફેરફારને કારણે સુરત શહેરએ પ્રથમ ક્રમ જાળવી રાખવા વધુ મહેનત કરવી પડશે. જે માટે સુરતના રમતવીરો પ્રતિબધ્ધ છે અને તમામ રમતવીરોને હું ફરી શુભેચ્છા પાઠવું છું. આજના આ કાર્યક્રમમાં મા.સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા, શ્રી જનકભાઈ કાછડિયા, શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડિયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ, રમતવીરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં. અંતમાં ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી બંકિમભાઈ દેસાઈએ ઉપસ્થિત સર્વેનો તથા શારદાયતન સંસ્થાનો વિશેષ આભાર માન્યો હતો.

## "નવરાત્રી મેળા – ૨૦૧૪"

મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે નવરાત્રી પર્વ નિમિત્તે આ તહેવાર સંબંધિત ચીજ વસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ કરતી મહિલાઓ તથા મહિલા સંગઠનોને વેચાણ માટે સીધે– સીધુ બજાર મળી રહે, તે હેતુથી સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૧ થી ૨૫ સપ્ટે–'૧૪ સુધી સવારે ૧૧.૦૦ થી રાત્રે ૧૧.૦૦ વાગ્યા સુધી **"નવરાત્રી મેળા–૧૪"**નું આયોજન કરવામાં આવેલ, પરંતુ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં મુકવામાં આવેલ સ્ટોલના આયોજક મહિલા મંડળોની બહેનો ધ્વારા આ સ્ટોલની મુદૃત વધુ ૩ દિવસ એટલે કે તા.૨૮/૯/'૧૪ સુધી લંબાવવા મૌખિક માંગણી કરેલ છે, જેને ધ્યાને લઈ **સેન્ટ્રલ ઝોન, લિંબાયત ઝોન, ઉધના ઝોન, રાંદેર ઝોન, વરાછા ઝોન** ખાતે નવરાત્રી મેળા–'૨૦૧૪ના સ્ટોલની મુદત તા.૨૮/૯/'૧૪ સુધી લંબાવવામાં આવેલ છે.

સદર મેળામાં નવરાત્રી ઉત્સવ સંબંધી ચીજ વસ્તુઓ જેવી કે **"નવરાત્રી માટેની જવેલરી, દાંડીયા, ચણીયા–ચોળી, ટ્રેડીશનલ ડ્રેસ, ગૃહસુશોભનની ચીજ–વસ્તુઓ, રોશનીનો સામાન, પુજાપાનો સામાન"** વિગેરેના પ્રદર્શન તેમજ વેચાણ માટે નીચેના સ્થળોએ 'નવરાત્રી મેળા–'૧૪'નું આયોજન ચાલુ હોય, જેનો સુરત શહેરની જાહેર જનતાએ લાભ લઈ મહિલા સશકિતકરણના આ પ્રયત્નોને વધુ વેગવાન બનાવવામાં સહયોગ આપવા અપીલ છે.

**– ::: મેળાના સ્થળો :::–**

- ☛ ૧.પ્રાઈમ આર્કેડ પાસે, સહજ સુપર સ્ટોર્સની સામે, અડાજણ, સુરત.
- ☛ ૨.લાલદરવાજા શાકભાજી માર્કેટ, લાલ દરવાજા, સુરત
- ☛ ૩.બરોડા પ્રેસ્ટીજ, વરાછા રોડ, વરાછા, સુરત
- ☛ ૪.મદનપુરા શાકભાજી માર્કેટ, ન.પ્રા.શાળાની સામે, લિંબાયત,સુરત
- ☛ ૫.ગુજરાત હાઉસિંગ બોર્ડ, શાકભાજી માર્કેટ, પાંડેસરા,સુરત.

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૨૦/૦૯/૨૦૧૪ ના રોજ રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્ર, રાંદેર બસ સ્ટેન્ડ પાસે, રાંદેર બસ સ્ટેન્ડ પાસે, રાંદેર, સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રૂગ્ણાલયો,વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિનાં અધ્યક્ષશ્રી ડો.રવીન્દ્રભાઈ પાટીલ,ગટર સમિતિ અધ્યક્ષશ્રી વિનોદભાઈ પટેલ,આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિ.)ડો.હેમંત દેસાઈ,આસી.કમિશ્નરશ્રી એ.એમ.રાજ,નાયબ આરોગ્ય અધિકારીશ્રી દિનેશ પટેલ,ડે.ઈજનેરશ્રી વી.ડી.ચૌધરી તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, રાંદેર/ પાલનપોર/ અડાજણ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો,આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિ.) ડો.હેમંત એસ.દેસાઈએ કાર્યક્રમ સંબંધી જાણકારી આપી હાજર રહેલા આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકા છેલ્લા નવ વર્ષથી વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પોનું આયોજન કરે છે. "સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે. જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર / નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે. નાગરીકોને આવા વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો લાભ લેવા જણાવ્યુ તથા મહિલા સશકિતકરણ વિષે જાણકારી આપી હતી. તથા ૨૫ સપ્ટે થી ૨ ઓકટો દરમ્યાન મહાત્માં ગાંધી જંયતિ નિમિતે સફાય અભિયાનમાં જોડાવવા શહેરી જનોને અપીલ કરી હતી. તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને મદદરૂપ થવા જણાવ્યુ હતુ.

રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષશ્રી ડો.રવીન્દ્રભાઈ પાટીલ એ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે ચોમાસાની ઋતુમાં રોગચાળાનુ પ્રમાણ વધારે જોવા મળતુ હોવાથી સુરત મહાનગરપાલિકા આવા મેડીકલ કેમ્પો દરેક ઝોન માં યોજે છે.તેમજ જાહેર જનતાને રોગચાળા વિશે જ્ઞાન મળે તે માટે આરોગ્ય લક્ષી પ્રદર્શન પણ દરેક ઝોનમાં યોજે છે જેથી જાહેર જનતાને આવા નિષ્ણાંત ડોકટરોની સેવા લેવા અનુરોધ કર્યો હતો.તેમજ પ્રદર્શનનો લાભ લેવા જણાવ્યુ હતું અને સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉત્તમ પ્રકારની તમામ આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત કરવા સ્મીમેર હોસ્પીટલ, મસ્કતિ હોસ્પીટલ તથા ૪૧ શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે જવા અનુરોધ કર્યો છે.

આરોગ્ય સમિતિ અધ્યક્ષશ્રી અનીલભાઈ બીસ્કીટવાલા પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે આ વર્ષનો આ બારમો મેડીકલ કેમ્પ છે. સુરત શહેરનો ખુબજ ઝડપથી વિકાસ થઈ રહયો છે. જેની સાથે સાથે સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉતમ પ્રકારની તમામ આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સતત જાગૃત છે.જે રંતર્ગત સુરત મહાનગરપાલિકા તમામ જોનમાં સ્લમ–સ્લમલાઈક વિસ્તારોમાં પ્રતિ વર્ષ વિનામૂલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પો યોજાય છે. જેનો લાભ લેવા નાગરીકોને વિનંતી કરી છે. મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી નાગરિકોને સ્વચ્છતા અંગે કાળજી રાખવા, યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તાકેદારી રાખવા તથા મેડીકલ કેમ્પનો લાભ લેવા જણાવ્યું હતુ."

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પમાં વિજયાનગર શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૪૨૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત

દ્વારા ૪૬, ચામડીના નિષ્ણાત દ્વારા ૧૦૬, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૧૫, બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૩૦, ફિઝીશ્યન દ્વારા ૭૧, સર્જન દ્વારા ૦૮, મેડીકલ ઓફીસર દ્વારા ૪૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૧૭૩ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૨૩ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ ૧૬ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૭૩૬ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો જેવા કે નિરોધ ૩૨૦, ઓરલ પીલ્સ ૨૫ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૨૧૫ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૪ બાળકને બી.સી.જીની રસી, ૦૧ બાળકોને પેન્ટાવેલેન્ટની રસી,૦૬ બાળકોને પોલીયોની રસી,૦૪ બાળકોને ડીપીટીની રસી,૦૧. બાળકોને ઓરીની રસી, તથા ૦૧ મધર ટી.ટી. ની રસી આપવામાં આવી હતી.

**<u>નોંધ :–</u>** આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ.૨૦/૦૯/૧૪ ના રોજ રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્ર,ખાતે રાખવામાં આવ્યો છે.જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૫/૯/૧૪ ના રોજ સ્વચ્છ ભારત–૨૦૧૪ અંતર્ગત સફાઈ અભિયાનનો કાર્યક્રમ બાબતઃ–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૫/૯/૧૪ ના રોજ સ્વચ્છ ભારત–૨૦૧૪ અંતર્ગત સફાઈ અભિયાનનો કાર્યક્રમ નગર પ્રાથમિક શાળા નં.૧૧૪–૧૧૫, પારસ વોર્ડ ઓફિસની બાજુમાં કતારગામ ખાતે રાખવામાં આવેલ. સદર કાર્યક્રમમાં માન. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સુરતના માન. સાંસદસભ્ય શ્રીમતિ દર્શનાબેન જરદોષ, માન. ધારાસભ્યશ્રી અજયભાઈ ચોકસી અને શ્રી જનકભાઈ બગદાણાવાળા, માન. સ્થા.સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, માન. ડેપ્યુટી મેયર શ્રીમતિ રંજનબેન વેકરીયા, હેલ્થ અને હોસ્પિટલ સમિતિના અધ્યક્ષશ્રી રવિન્દ્રભાઈ પાટીલ તેમજ મહાનગરપાલિકાની અન્ય સમિતિના માન. અધ્યક્ષશ્રીઓ અને નોર્થઝોન વિસ્તારના તમામ મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ તેમજ મે. મ્યુ. કમિશ્નરશ્રી અને મહાનગરપાલિકાના અધિકારીઓ હાજર રહેલ.

માન. મેયરશ્રી સહિતના હાજર રહેલ તમામ પદાધિકારીઓએ સ્વચ્છ ભારત અભિયાનનું દિપ પ્રાગટય કરી ઉદ્દઘાટન કરેલ તેમજ તમામ મહાનુભાવો સહિત શહેરના તમામ નાગરીકોને આ અભિયાનમાં જોડાવા અપીલ કરેલ અને સ્વચ્છતા અંગે સંકલ્પ લેવડાવેલ. ત્યારબાદ સુરત મહાનગરપાલિકાના તમામ સાત ઝોનના સ્વચ્છ ભારત અભિયાનના જાગૃતિ માટેના પ્રદર્શન રથોને પ્રસ્થાન કરાવી સફાઈ અભિયાનનો પ્રારંભ કરાવવામાં આવેલ. ત્યારબાદ માન. મેયરશ્રી તથા નોર્થઝોન વિસ્તારના મ્યુ. સદસ્યશ્રીઓ ધ્વારા પારસ સોસાયટી અને તેની આજુબાજુના વિસ્તારમાં જાતે સફાઈ કરી સ્વચ્છતા જાગૃતિની નોંધપાત્ર કામગીરી કરી આ અભિયાનને સફળ બનાવવા પહેલ કરેલ. સદર ઝુંબેશ દરમ્યાન ૧૧.૦૦ ટન માટી મિશ્રીત કચરો એકત્રીત કરવામાં આવેલ તેમજ ૯૪ ઈસમોને આરોગ્યલક્ષી નોટીસ આપી, સ્થળ પર રૂા.૧૧,૨૦૦/– ની વહીવટી ખર્ચ પેટે વસુલાત કરવામાં આવેલ.

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૯૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૭,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૯૩૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૫૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૭૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૨ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૬૧,૫૪,૫૮૬/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા પટેલ ૧–૨–૩ ઈન્ડ., વેડરોડ, નંદુ ડોશીની વાડી, જી.આઈ.ડી.સી.કતારગામ વિસ્તારમાંથી રૂા.૧૦,૫૬,૭૪૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૧૬૯ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૧૧,૩૧,૮૯૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા.૬૩,૪૯૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા)શકિત વિજય સોસાયટીના ૩૦.૦૦ મી. ના નહેરવાળા ડી.પી. રસ્તા પરના દબાણ દુર કરવાનું મેગા ડિમોલીશન.

**ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા) શકિત વિજય સોસાયટીમાંથી પસાર થતા નહેરવાળા ડી.પી.રસ્તા / કેનાલ પૈકીની ૩૦.૦૦ મી. પહોળાઈના ટી.પી. રોડની અસરમાં આવતાં અંદાજે ૧૫૫ કાચા/પાકા આર.સી.સી. ઝુંપડાઓ/મકાનોને વૈકલ્પિક આવાસો આપી વસાહતીઓને અત્રેથી સ્થળાંતર કરાવવામાં આવેલ તથા આ તમામ અમલાઓને ડિમોલીશ કરી આશરે ૪૦૦૦૦.૦૦ ચો.ફુટ જેટલો રસ્તાનો ભાગ ખુલ્લો કરી તેનો કબજો સુરત મહાનગરપાલિકાએ લીધેલ છે.**

**ડિમોલીશન/શીફટીંગ દરમ્યાન સ્થળ પર લોકટોળા જમા થઈ ઉગ્ર વાંધો–વિરોધ ઉપસ્થિત કરતાં વાતાવરણ તંગ બનવા પામેલ જે દરમ્યાન પોલીસે દરમ્યાનગીરી કરવી પડેલ તથા પોલીસ સ્ટાફની હાજરીમાં આ કામગીરી સાંજે મોડે સુધી ચાલુ રાખી મહદ્અંશે પૂર્ણ કરવામાં આવેલ. આ દરમ્યાન એડી.સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી પણ તમામ સ્ટાફ તથા વાહનોના કાફલા  સાથે ખડે પગે હાજર રહેલ.**

## ભારત સરકારનાં શહેરી વિકાસ મંત્રાલય તથા ગુજરાત સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ધ્વારા તા. ૨૫–૯–૧૪ થી તા. ૨–૧૦–૧૪ સુધી " સ્વચ્છ ભારત સપ્તાહ " ઉજવવાનું નકકી કરેલ છે.

ભારત સરકારનાં શહેરી વિકાસ મંત્રાલય તથા ગુજરાત સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ધ્વારા તા. ૨૫–૯–૧૪ થી તા. ૨–૧૦–૧૪ સુધી **" સ્વચ્છ ભારત સપ્તાહ "** ઉજવવાનું નકકી કરેલ છે.

તા. ૨૫–૯–૧૪ નાં રોજ શહેરી વિસ્તારનાં નાગરીકોમાં સ્વચ્છતા અંગે વધુ અવરનેશ આવે અને નાગરીકો શહેરને સુંદર બનાવવામાં સ્વચ્છતા થકી મહત્વનો ભાવ ભજવે તે હેતુસર કતારગામ ઝોનની પારસ વોર્ડ ઓફીસ પાસે આવેલ નગર પ્રાથમિક શાળાએથી માન. મેયરશ્રી ધ્વારા કુલ–૭ " સ્વચ્છતા રથ " ને પ્રસ્થાન કરવામાં આવેલ. આ પ્રસંગે માન. ડે. મેયરશ્રી, માન. ચેરમેનશ્રી સ્થાયી સમિતિ, માન. ચેરમેનશ્રી હોસ્પીટલ સમિતિ, માન. ચેરમેનશ્રી આરોગ્ય સમિતિ, માન. નેતાશ્રી શાસકપક્ષ અને વિરોધ પક્ષ, તથા મહાનગરપાલિકાનાં કમિશ્નરશ્રી, માન. મ્યુ. સભ્યશ્રીઓ, માન. સાંસદ સભ્યશ્રી અને ધારાસભ્યશ્રી, મહાનગરપાલિકાનાં અધિકારીશ્રી / કર્મચારીગણ તેમજ બહોળી સંખ્યામાં નાગરીકો ઉપસ્થિત રહયા હતા.

આ સાથે અન્ય તમામ ઝોનમાં પણ પદાધિકારીઓ, મ્યુ. સભ્યશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાના સભ્યશ્રીઓ, સ્વંયમસેવકો તથા નગરજનો મોટી સંખ્યામાં હાજર રહી લોકભાગીદારીથી સ્વચ્છતા ઝુંબેશને સફળ બનાવેલ તેમજ તમામ ઝોનમાં નકકી કરેલા રૂટ પર સ્વચ્છતા રથ ધ્વારા જનજાગૃતિ અભિયાન કરવામાં આવેલ છે.

મા. કમિશ્નરશ્રીની નોધ નં. સી/૪૩૬ તા. ૧૯–૯–૧૪ સંદર્ભે આજ રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોન વિસ્તારોમાં સફાઈ ઝુંબેશની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં અધિકારી / સુપરવાઇઝર– ૪૬૯ અને સફાઈ કામદાર / બેલદાર ૧૨૧૭ મળી કુલ ૧૬૮૬ કર્મચારીઓ આ ઝુંબેશમાં જોડાયા હતા. આ કામગીરી દરમ્યાન કચરા મિશ્રિત માટીનાં ઢ ગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો કુલ ૧૦૦ મે. ટન જેટલો કચરો નિકાલ કરવામાં આવ્યો અને લારી, ગલ્લા અને અન્યસામાન મળી કુલ– ૧૩૨ દબાણો દુર કરવામાં આવ્યા. ૯૫૫ ચો.મી. ફુટપાથ રીપેર કરવામાં આવી.લાઈટ વિભાગ ધ્વારા ૧૧૫ જગ્યાએ લાઈટપોલ ચેક કામગીરી કરવામાં આવી. ૩૬ ધાર્મિક સ્થળ, સામાજીક, શૈક્ષણિક વ્યાપારી સંસ્થાઓની આજુબાજુની ધનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવી. ૯૦૨ વ્યકિતગત શૌચાલય પૂર્ણ કર્યા અને ૧૦૪ નવા બાંધકામ હેઠળ છે. આ ઝુંબેશ કામગીરી દરમ્યાન ૩૭૮ સંસ્થાઓને નોટીસ / ચેતવણી આપી **રૂા. ૧,૫૯,૨૫૦/–** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ.

ઉપરોકત તમામ ઝુંબેશ મા. કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ આજરોજની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા સંચાલિત આઈ.સી.ડી.એસ યોજના ઘટક—૩ તથા લિંબાયત ઝોન ધ્વારા આજ રોજ તા.૨૫/૯/૨૦૧૪ શાહપુરા સંગમબેન્ડ વિસ્તારની આંગણવાડી નંબર ૧૧૩,૧૧૫,૧૬૭ અને ૧૬૮ ના પાકા મકાનની ઉદઘાટન વિધિનો સમારંભ

સુરત મહાનગરપાલિકા સંચાલિત આઈ.સી.ડી.એસ યોજના ઘટક—૩ તથા લિંબાયત ઝોન ધ્વારા આજ રોજ તા.૨૫/૯/૨૦૧૪ શાહપુરા સંગમબેન્ડ વિસ્તારની આંગણવાડી નંબર ૧૧૩,૧૧૫,૧૬૭ અને ૧૬૮ ના પાકા મકાનની ઉદઘાટન વિધિનો સમારંભ માન.રૂગ્ણાલયો,વૈદકિય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી ડો.રવિન્દ્ર એસ પાટીલ ના હસ્તે કરવામાં આવ્યું.જેમાં સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ,આસી.કમિશ્નર શ્રીમતિ ગાયત્રીબેન ઘીવાલા,નાયબ આરોગ્ય અધિકારી શ્રી ડો.પ્રદિપ ઉમરીગર તથા વિસ્તારના સ્થાનિક આગેવાનો હાજર રહેલ હતા. કાર્યક્રમની શરૂઆત આંગણવાડી બહેનો ધ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભવો ધ્વારા દિપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો.આ પ્રસંગે આંગણવાડીના બાળકોએ વેશભૂષા રજુ કરી હાજર સૌ મહેમાનોના મન મોહી લીધા.ત્યારબાદ આંગણવાડી કાર્યકર બહેનો ધ્વારા આંગણવાડીમાં અપાતી સેવાઓની જાણકારી ગરબા સ્વરૂપે રજુ કરી.

આઈ.સી.ડી.એસ વિભાગના પ્રોજેકટ ઓફીસર ડો.હરિશ કે સોંઘરવા ધ્વારા આંગણવાડીનો લાભ લેવા સ્થાનિક પ્રજાને અપીલ કરી તથા કુપોષણ નિવારણ અર્થે શું કરી શકાય તેની સમજણ આપી. માન.રૂગ્ણાલયો,વૈદકિય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી ડો.રવિન્દ્ર એસ પાટીલે આંગણવાડી કેન્દ્રને ''વિધામંદિર'' જણાવી સૌ કોઈ હાજર શ્રોતાઓને નાત જાતના ભેદભાવ વગર અપાતી સેવાઓની માહિતી આપી.તેમણે હાજર શ્રોતાઓને પોતાનું ઘર, આંગણું ,શેરી તથા શહેર સ્વચ્છ રાખવા અંગે કહયું .જયારે સરકારશ્રી ધ્વારા અપાતી સેવાઓ ઘરઆંગણે મળે છે ત્યારે આપણી પણ નૈતિક ફરજ બને છે તેમાં સહયોગ આપીએ.લિંબાયત ઝોનમાં વિવિધ રાજયોના વિવિધ ધર્મ વાળા લોકો રહેતા હોય એક ''મીની ભારત'' ની છબી ઉપસાય છે ત્યારે હિન્દુ મુસ્લિમ સૌ સાથે મળી દરેક ધર્મ ઉજવવામાં આવે તેવી અપીલ તેમણે લોકોને કરી.

અંતે સ્વચ્છતા મિશન અભિયાન હેઠળ હાજર સૌ લોકોને આસી.કમિશ્નર શ્રીમતિ ગાયત્રીબેન ઘીવાલા ધ્વારા સ્વચ્છતા અને સદભાવનાના સોગંદ લેવડાવવામાં આવ્યા.અને ત્યાર બાદ આભાર વિધિ કરી કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુપરવાઝર આઈ.સી.ડી.એસ અર્બન ઘટક—૩ અમીબેન ડી ઉપાધ્યય ધ્વારા આઈ.સી.ડી.એસ અર્બન ઘટક—૩ ના ઈ.ચા.સી.ડી.પી.ઓ સરોજબેન એ વશીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

## "નવરાત્રિ પર્વોત્સવ ઉજવણી"

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૫/૦૯/૨૦૧૪ થી તા.૦૩/૧૦/૨૦૧૪ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલ તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું ઉદ્દ્ઘાટન આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી  અનિલભાઈ બિસ્કીટવાલા તથા સમાજ કલ્યાણ,આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી કિશોરીબેન કાપડીયાના વરદ્દ્હસ્તે તા.૨૫/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવ્યું હતું.

સદર ફૂડફેસ્ટીવલમાં  કુલ ૭૮ ખાણીપીણીના સ્ટોલ તથા મ્યુ. કોર્પોરેશનના વિવિધ વિભાગ ના કુલ ૬ સ્ટોલ મળી કુલ ૮૪ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરરોજ સાંજે ૬.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાક દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમો અને ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ ફુડફેસ્ટીવલમાં વિવિધ વાનગીઓના સથવારે વૈવિધ્ય સભર સાંસ્કૃતિક કાર્યક્રમોને માંણવા શહેરની કલાપ્રિય જનતાને હાર્દિક નિમંત્રણ છે.

સદર કાર્યક્રમના પ્રમુખ મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા,મા.સાસંદ શ્રીમતી દર્શનાબેન જરદોશ,મા.ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રી અજયકુમાર ચોકસી,મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરિયા,સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી નિરવ શાહ, શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ,અધિકારીઓ, શહેરના નગરજનો ઉપસ્થિત રહી કાયક્રમને સફળ બનાવ્યો હતો.

### :: સાંસ્કૃતિક કાર્યક્રમોની વિગત::

| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧ | ૨૫/૦૯/૨૦૧૪ ગુરૂવાર | શુભારંભ / આરતી / ન.પ્રા.શિક્ષણ સમિતિની શાળાઓના ગરબા/રાસ/લોકનૃત્ય |
| ૨ | ૨૬/૦૯/૨૦૧૪ શુક્રવાર | માધ્યમિક વિભાગની શાળાના ગરબા સ્પર્ધા |
| ૩ | ૨૭/૦૯/૨૦૧૪ શનિવાર | ટેપર્ઝ ડાન્સ સંસ્થા / સર્જનશ્રી સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ |
| ૪ | ૨૮/૦૯/૨૦૧૪ રવિવાર | સરગમ ડાન્સ એકેડેમી સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ |
| ૫ | ૨૯/૦૯/૨૦૧૪ સોમવાર | સોલો ડાન્સ કોમ્પીટીશન |
| ૬ | ૩૦/૦૯/૨૦૧૪ મંગળવાર | નૃત્યમ નર્તમ અકાદમી / મહિધરપુરા અર્બન પ્રાથમિક કન્યા વિદ્યાલય, અંબાબા કેમ્પસ |
| ૭ | ૦૧/૧૦/૨૦૧૪ બુધવાર | વૈષ્ણવ સંગઠન કલા સંસ્થા / સુમન શાળાઓનો રંગારંગ કાર્યક્રમ |
| ૮ | ૦૨/૧૦/૨૦૧૪ ગુરૂવાર | આઠમ(શેરી ગરબા સ્પર્ધા ) |
| ૯ | ૦૩/૧૦/૨૦૧૪ શુક્રવાર | દશેરો–(સરગમ મ્યુઝીકલ નાઈટ) |

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૫/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

**આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૧૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૯,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૬૫૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૧૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૫ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.**

**આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા.૩૭,૪૮,૦૧૨/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા પટેલ ૧–૨–૩ ઈન્ડ., વેડરોડ, નંદુ ડોશીની વાડી, જી.આઈ.ડી.સી.કતારગામ વિસ્તારમાંથી રૂા.૧૦,૫૦,૫૫૯/– વસુલ કરવામાં આવેલ છે.**

**ઈમ્પેકટ ફીની અરજી ૪૦ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૭,૦૮,૬૯૧/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા.૭૦,૧૩૫/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૦ લારી જપ્ત કરવામાં આવેલ છે.**

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

(૧) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૩, સલાબતપુરા, સુરત ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૬૫૦, ૬૫૧ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૩૦/૦૧/૨૦૧૪ થી ભોંયતળીયા + ૪.૫ માળની વિકાસ પરવાનગી મેળવવામાં આવેલ. જે અન્વયે મિલ્કતદાર શ્રી દિપકભાઈ રંગરેજ ધ્વારા ઉપરોકત મેળવેલ રજાચીઠ્ઠી વિરુધ્ધ વધારાનું આર.સી.સી., બીમ, સ્લેબ, કોલમ સહિતનું બાંધકામ કરવામાં આવતાં અત્રેથી તા.૨૮/૦૭/૧૪ થી ગેરકાયદેસર બાંધકામ અંગે નોટીસ પાઠવવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં તા.૨૬/૦૯/૧૪ ના રોજ પાંચમાં માળે આશરે ૯૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી./ઈંટોનાં ચણતરનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧૨, શાહપોર, સુરત ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૧૪૭૨, ૧૪૭૩/બ, ૧૪૭૪/અ, ૧૪૭૪/બ, ૧૪૭૫ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૩૧/૦૫/૨૦૦૮ થી ભોંયતળીયા + ૪ માળની વિકાસ પરવાનગી મેળવવામાં આવેલ. જે તા.૨૮/૦૩/૧૧ થી રદ કરવામાં આવેલ. જે અન્વયે મિલ્કતદાર શ્રી મો.ઈકબાલ મો.યાસીન મૌલવી પોતે તથા પી.ઓ.એ.એચ. ધ્વારા પાંચમાં માળે કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબનું આશરે ૧૧૬૦ ચો.ફુટ માપ વિસ્તારનું ગેરકાયદેસર બાંધકામ તા.૨૬/૦૯/૧૪ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

## "સ્વચ્છ ભારત સપ્તાહ"

## સુરત મહાનગરપાલિકા

ભારત સરકારનાં શહેરી વિકાસ મંત્રાલય તથા ગુજરાત સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનાં પરિપત્ર ધ્વારા શહેરી વિસ્તારોમાં " સંપૂર્ણ સ્વચ્છતા " નું ધ્યેય પ્રાપ્ત કરવાની કટીબધ્ધતા અંતર્ગત તા. ૨૫–૯–૧૪ થી તા. ૨–૧૦–૧૪ દરમ્યાન **" સ્વચ્છ ભારત સપ્તાહ "** ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અનુંસધાને આજ તા. ૨૬–૯–૧૪ નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ હોટલ / રેસ્ટોરન્ટની આરોગ્યલક્ષી કામગીરીની ઝોનનાં આરોગ્ય ખાતાનો સ્ટાફ તથા ફુડ ઈન્સ્પેકટરોની સયુંકત ટીમ ધ્વારા ચકાસણીની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

આ ઝુંબેશ દરમ્યાન કુલ ૩૭૫ હોટલો / રેસ્ટોરન્ટ ચેક કરી, ૨૩૧ સંસ્થાઓને નોટીસ આપી, ૨૭૨ ઈસમો પાસેથી રૂા. ૧,૩૪,૪૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરી, ૧૯૪ કિ.ગ્રા. અખાધ પદાર્થનો નાશ કરવામાં આવેલ છે.

ઉપરોકત તમા ઝુંબેશ મા.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે.

## "ગરીબ કલ્યાણ મેળો–૨૦૧૪"

## સુરત શહેરના ૨૬૧૪ લાભાર્થીઓને ૨૮૭૪.૫૫ લાખથી વધારેની સાધન સહાય અર્પણ.

રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો સમન્વય કરીને જરૂરતમંદો ને હાથો હાથ સહાય આપીને આર્થિક પગભર કરવાના મહા અભિયાનના ભાગરૂપે આજરોજ સરદાર પટેલ સ્મૃતિભવન,માનગઢચોક, મીનીબજાર વરાછા સુરત શહેર કક્ષાના ગરીબ કલ્યાણ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કમિશનરશ્રીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે સરકારની વિવિધ યોજનાઓનો સીધો લાભ એકજ સ્થળે અને એકજ સમયે મળી રહે તે હેતુથી આ મેળાનું આયોજ કરવામાં આવ્યુ છે. ગરીબ કલ્યાણ મેળાના આયોજનોથી આપણી સ્થિતિ સુધરશે. સરકાર આપણી સાથે છે સરકારના સંકલનથી અને માર્ગદર્શનથી આવા મેળાઓ થકી છેવાડાના માનવીને સહાય મળી રહે ત્યારબાદ મંચસ્થ મહાનુભવોનું સુખડીથી સ્વાગત કરવામાં આવ્યું હતું.જે સુખડી આંગણવાડીના બાળકોને વિતરણ કરવામાં આવી હતી. સરકારશ્રીના વિવિધ યોજનાઓ જેવી કે વિકલાંગ સાધન સહાય યોજના,કુંવરબાઈ મામેરૂ યોજના, માનવ ગરીમા યોજના, આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના, સાતફેરા સમુહ યોજના, માનવ કલ્યાણ યોજના મળી આ ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૨૬૧૪ લાભાર્થીઓને ૨૮૭૪.૫૫ લાખની સાધન સહાય ગુજરાત રાજયના રાજયકક્ષાના માન.મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ, ગુજરાત હાઉસીંગ બોર્ડ ના ચેરમેન શ્રી વિવેકભાઈ પટેલ તથા ગુજરાત રાજય મહિલા આયોગના ચેરમેન શ્રીમતી લીલાબેન અંકોલીયા, માન.ચેરમેનશ્રી , માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા તથા અન્ય મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગુજરાત રાજય મહિલા આયોગ માન.ચેરમેન શ્રીમતી લીલાબેન અંકોલીયા જણાવ્યું હતું કે ગુજરાતનો અવિરત વિકાસ થયો છે અને આ વિકાસની કડીને સળંગ રીતે સાચવીને ગરીબ વ્યકિત સુધી પહોંચવા અનેક યોજનાઓ કાર્યરત છે. જે અંતર્ગત સરકારશ્રી દ્વારા પશુપાલન યોજના અમલીકરણથી આદિવાસી મહિલાઓ ને આર્થિક રીતે ઉપાર્જન મેળવી શકે. મહિલા સશકિતકરણ અંગે ગુજરાત રાજયના બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. સ્વરોજગારી મેળવી શકે તે માટે સરકારશ્રી દ્વારા સાધન સામગ્રી આપવામાં આવે છે. ગુજરાતમાં સખી મંડળની સંખ્યા ૨,૫૦,૦૦૦ છે અને જેમાં ૨૬ લાખ જેટલી મહિલાઓ કામ કરે છે. સરકારશ્રી ગરીબ બાળકો ચિંતિત છે અને વધુમાં સાક્ષરતા અને સંસ્કાર ઉપર ભાર મૂકતા જણાવ્યું હતું કે કોઈપણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહે અને કુપોષિત ન રહે તે માટે ગુજરાત સરકારે મહાઅભિયાન ઉપાડયું છે.

આ પ્રસંગે ગુજરાત હાઉસિંગ બોર્ડ ના ચેરમેનશ્રી વિવેકભાઈ પટેલ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા દ્વારા ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને સહાય અને સાધન સામગ્રી આપવામાં આવે છે તે બદલ સુરત મહાનગરપાલિકાને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા એ જાણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૧૨ ગરીબ કલ્યાણમેળા યોજવામાં આવ્યા હતા. જે પૈકી ૫૮૨૬૨ લાભાર્થીઓને ૩૭૬૦૨.૭૭ લાખની સહાય સામગ્રી આપવામાં આવી હતી. હાલ આજના ગરીબ કલ્યાણ મેળો અને તા. ૨૮/૧૦/૨૦૧૪ નો ગરીબ કલ્યાણ મેળો એમ બંને મેળા મળી ૫૬૯૭ લાભાર્થીઓને ૮૧૭૦.૩૭ લાખની સહાય કરવામાં આવશે. ગુજરાતની જનતાનો આર્તનાદ–સંવેદના જોઈને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એ ગરીબ કલ્યાણ મેળાની રૂપરેખા તૈયારી કરી ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત કરેલી. તેમાથી પણ મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સ્ત્રી સશકિતકરણ, સ્વમાનભેટ આર્થિક ઉપાર્જન કરી શકે તે માટે રાખીમેળોનું આયોજન,મૂર્તિમેળાનું આયોજન,નવરાત્રિમેળા કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા મેયરશ્રી નિધિ ફંડ માંથી પણ સહાય ઉદાર હાથે કરવામાં આવે છે. ગરીબ કલ્યાણ મેળામાં હાથોહાથ સહાય આપવામાં આવે છે.

આ પ્રસંગે માન.મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ રાજય કક્ષા ગુજરાત રાજય જણાવ્યું હતું કે ગરીબી એ આઝાદી પછી નું કલંક છે બધા કલંક ની ગાથા ગાય છે. પરંતુ અંધારાને દૂર કરવા દીવાની જરૂર પડે છે. આ ગરીબીનું કલંક મીટાવવા માટેની શરૂઆત માન.પ્રધાનમંત્રીશ્રી નેરન્દ્રભાઈ મોદીએ શરૂઆત કરી હતી. ગરીબી હટાવવા માટે દિશા–ર્દષ્ટિ–દાનત હોય તો તમે તમારો ધાર્યો લક્ષ્ય પાર પાડી શકાય અનેક વર્ષોથી યોજનાઓ છે જે ગરીબો લાભ લેય તે માટે છે આ લાભ પહોંચાડવાનું માધ્યમ ગરીબ કલ્યાણ મેળો છે. શ્રી પંડિત દિન દયાળ ઉપાધ્યાય, મહાત્મા ગાંધીજી, ડો. રામ મનોહર લોહીઆ ના વિચારો નો સરવાળો છેવાડાના માનવી સુધી આઝાદી પહોંચે નહી ત્યાં સુધી આઝાદી અધૂરી છે. ગરીબના ઘરમાં દીવો પ્રગટે ગુજરાતમાં ગરીબી ની

સંખ્યા ઘટાડવાની છે. જેમાં સૌપ્રથમ ગુજરાતે પહેલ કરી છે. વ્યકિત પોતાના પગ ઉપર ઉભા રહે, સ્વાવલંબી બને, ગરીબ માણસને સાધનો આપો, જેના દ્વારા રોજી રોટી કમાય તે માટે સરકારની યોજના છે. જેના દ્વારા ઘરની ગરીબી દૂર થશે ગરીબી રેખા માંથી બહાર કાઢવાની ઝુંબેશ ચાલે છે. લાભાર્થીઓને વિનંતી કરી હતી કે સહાય મળે તેનો સહી ઉપયોગ કરી ગરીબી હટાવવાનો પ્રયાસ કરે તે માટે રાજય સરકારની શુભકામના છે.

આ પ્રસંગે લાભાર્થીઓ પોતાના પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે સરકારની અનેક વિધયોજના દ્વારા અમને ઘર તથા સ્વાવલંબી જીવન મળ્યું છે. આભારવિધિ ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરિયા એ કરી હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રીઓ રણજીતભાઈ ગીલિટવાળા, શ્રી અજયભાઈ ચોકસી, શ્રી કુમારભાઈ કાંનાણી, શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, શ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રી જનકભાઈ પટેલ તેમજ વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, કર્મચારીગણ તથા લાભાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ગુજરાત સરકાર ધ્વારા રાજયની તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચાલતા તમામ બ્રીજોના કામો તથા ભવિષ્યમાં બનનાર બ્રીજોના કામોએ ડીઝાઈન અને ડ્રોઈંગની પ્રુફ ચેકીંગની કામગીરી

ગુજરાત સરકાર ધ્વારા રાજયની તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચાલતા તમામ બ્રીજોના કામો તથા ભવિષ્યમાં બનનાર બ્રીજોના કામોએ ડીઝાઈન અને ડ્રોઈંગની પ્રુફ ચેકીંગની કામગીરી આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગર પાસે કરાવવા માટેનો પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. જે સંદર્ભે સુરત મહાનગરપાલિકાના બ્રીજ તથા બી.આર.ટી.એસ. વિભાગના પ્રગતિ હેઠળના કુલ્લે ૨૨ (બાવીસ) બ્રીજોના પ્રુફ ચેકીંગની કામગીરી સરકારશ્રીના આદેશ મુજબ રાજય સરકારના આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગર પાસે કરાવવા માટે ડ્રોઈંગ, ડીઝાઈન નોટસ તથા અન્ય વિગતો મોકલવામાં આવેલ હતી. જેના અનુસંધાને બ્રીજસેલ વિભાગનાં કુલ ૧૭ વત્તા બી.આર.ટી.એસ.વિભાગના ૫ કામો મળી કુલ ૨૨ કામોમાંથી કુલ ૧૧ કામો શરુ કરવાની મંજુરી અગાઉ આપી ચુકેલ છે.

આજ રોજ તા.૨૬/૦૯/૧૪ ના રોજ સુરત મહાનગરપાલિકાના ચાલતાં તમામ બ્રીજોનાં બાકી રહેલ કામોની પ્રુફ ચેકીંગની કામગીરી માટે રાજય સરકારશ્રી સાથે જરૂરી લાઈઝનીંગની કામગીરી માટે અત્રેના ખાતાનાં ડે.ઈજનેર શ્રી ડી.જે.પટેલ તથા આસી.ઈજનેર શ્રી વી.જી.ગડરિયા બાકી રહેલા કામોના ડ્રોઈંગ્સ, ડીઝાઈન, ડીઝાઈન નોટસ, ટેન્ડર સેટ, જીઓ ટેકનીકલ રીપોર્ટ વિગેરે સાથે રૂબરૂ રાજય સરકારના આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગર ગયેલ હતા. જે સંદર્ભે આજ રોજ સુપ્રિન્ટેન્ડન્ટ એન્જીનીયરશ્રી, આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગર મારફતે બીજા અન્ય નીચે દર્શાવેલ પાંચ(૫) વધુ કામોની કામગીરી શરૂ કરવા અંગે પરવાનગી આપવામાં આવેલ છે.

(૧) સાઉથ ઝોન(ઉધના) માં આવેલ ટી.પી. સ્કીમ નં.૭૨(બમરોલી)ના ૪૫.૦૦ મીટરના ટી.પી.રોડ ઉપર ભેદવાડ ખાડી ઉપર પુલ.

(૨) સાઉથ ઝોન(ઉધના) માં આવેલ ટી.પી. સ્કીમ નં.૭૨(બમરોલી)ના ૧૮.૦૦ મીટરના ટી.પી. રોડ ઉપર ભેદવાડ ખાડી ઉપર પુલ..

(૩) ટી.પી.નં.૩ (કરંજ) અને ટી.પી.નં.૧૧(પુણા) માંથી પસાર થતા ૪૫.૦૦ મીટરનાં ટી.પી. રસ્તા(મીડલ રીંગ રોડ) પર સહજાનંદ સોસાયટી પાસે ખાડી પરનાં હયાત બ્રીજને વાઈડનીંગ કરવાનું કામ.

(૪) જુના દંતોરા જકાતનાકા પાસે, ભેદવાડ ખાડી પર હયાત પુલની બાજુમાં જુનો પુલ તોડી નવો પુલ બનાવવાનું કામ.

(૫) પશ્ચિમ ઝોન (રાંદેર) માં વરીયાવ ગામમાં કોળીવાડ પાસે આવેલ હયાત ખાડી પુલની જગ્યાએ નવો પુલ બનાવવાનું કામ.

બી.આર.ટી.એસ.એલ.વિભાગના અન્ય ૫(પાંચ) બ્રીજના કામો ચાલુ કરવા મંજુરી આપવામાં આવી છે.

ઉપરોકત તમામ બ્રીજોની કામગીરી શરુ કરવા બાબતે ડીઝાઈન સર્કલ, ગાંધીનગર ધ્વારા લેખિતમાં જણાવતાં સ્થળ પર તમામ બ્રીજોની કામગીરી શરુ કરી દેવા સુચના આપેલ છે. આમ મહાનગરપાલિકાની મા. કમિશનરશ્રી અને મા. મેયરશ્રીની રજુઆતને ધ્યાને લઈ મા.અધિક મુખ્ય સચિવશ્રી તથા આર. એન્ડ બી. વિભાગ, ડીઝાઈન સર્કલ, ગાંધીનગરની ત્વરિત કામગીરીને લીધે મહાનગરપાલિકાના કામોની પ્રુફ ચેકીંગની કામગીરી તાકીદના ધોરણે હાથ ધરવામાં આવેલ છે. જેના કારણે ટુંકા સમયગાળામાં ૨૨ (બાવીસ) બ્રીજોનાં કામો પૈકી ૨૧(એકવીસ) કામોની મંજુરી આપવામાં આવેલ છે.

## "ગરીબ કલ્યાણ મેળો–૨૦૧૪"
## સુરત શહેરના ૩૦૮૩ લાભાર્થીઓને ૫૨૯૫.૭૬ લાખથી વધારેની સાધન સહાય અર્પણ.

રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો સમન્વય કરીને જરૂરતમંદો ને હાથો હાથ સહાય આપીને આર્થિક પગભર કરવાના મહા અભિયાનના ભાગરૂપે આજરોજ સંજીવકુમાર ઓડિટોરીયમ,રાજહંસ,થીએટરની પાછળ,પાલ–હજીરા રોડ,સુરત શહેર કક્ષાના ગરીબ કલ્યાણ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કમિશનરશ્રીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે સરકારની વિવિધ યોજનાઓનો સીધો લાભ એકજ સ્થળે અને એકજ સમયે મળી રહે તે હેતુથી આ મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે. આજના આ મેળામાં ૩૦૮૩ લાભાર્થીઓને ૫૨૯૫.૭૬ ની સહાય આપવામાં આવશે. સ્વચ્છ ભારત સપ્તાહ અંતર્ગત તા.૨૫/૦૯/૨૦૧૪ થી તા.૦૨/૧૦/૨૦૧૪ સુધી સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં જાહેર જનતાને જોડાવા માટે અપીલ કરી હતી. ત્યારબાદ મંચસ્થ મહાનુભવોનું સુખડીથી સ્વાગત કરવામાં આવ્યું હતું.જે સુખડી આંગણવાડીના બાળકોને વિતરણ કરવામાં આવી હતી. સરકારશ્રીના વિવિધ યોજનાઓ જેવી કે વિકલાંગ સાધન સહાય યોજના,કુંવરબાઈ મામેરૂ યોજના, માનવ ગરીમા યોજના, આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના, સાત ફેરા સમુહ યોજના, માનવ કલ્યાણ યોજના મળી આ ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૩૦૮૩ લાભાર્થીઓને ૫૨૯૫.૭૬ લાખની સાધન સહાય ગુજરાત રાજયના માન.મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ,રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષશ્રી નરહરી અમીન તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ ના ચેરમેન શ્રી વિવેકભાઈ પટેલ, માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા તથા અન્ય મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવી હતી.

આ પ્રસંગે મા.ચેરમેનશ્રી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે મા.વડાપધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ યોજનાનો શુભારંભ કરાવ્યો હતો. વચેટીયાઓની નાબૂદી થાય અને ગરીબોને એક સ્થળેથી સીધી સહાય મળી રહે. ગરીબ મેળાના લાભાર્થીઓને ટકોર કરી હતી કે આ સાધનોનો ઉપયોગ કરી સ્વાવલંબી બનો સાધનો વેચશો નહી. મા.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની શૌચાલય યોજના મુજબ દરેક ઘરમાં શૌચાલય હોવુ જોઈએ. મા.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના ખાતામાં જે રૂપિયા હતા તે સચિવાલયના ચોથા વર્ગના કર્મચારીશ્રીઓના બાળકોના શિક્ષણ માટે આપ્યા હતા.આમ શિક્ષણક્ષેત્રે પણ સરકાર કટિબધ્ધ છે. વડાપ્રધાનશ્રીની જનધન યોજના નો હેતુ સમજાવ્યો હતો. અને સરકારની અનેકવિધ યોજનાઓનો લાભ લેવા અપીલ કરી હતી.

આ પ્રસંગે મા.ચેરમેનશ્રી ગુજરાત હાઉસીંગ બોર્ડના વિવેકભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતુ કે વર્ષ ૨૦૦૯–૧૦ થી શરૂ થયેલ ગરીબ કલ્યાણ મેળો આજદિન સુધીમાં કુલ ૧૦૯૮ ગરીબ કલ્યાણ મેળા થયા.જેમાં ૮૧૦૩૦૨૮ લાભાર્થીઓને રૂ.૧૨૦૦૦ કરોડ કરતા વધુની સહાય ફાળવવામાં આવી છે. વધુમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા ૧૫ શહેરોમાં ૯ સ્થળો ઉપર ગરીબ તથા મધ્યમ વર્ગ માટે હાઉસીંગના મકાનની યોજના તૈયાર કરી છે. વધુમાં સુરતમાં ગણેશપુરા અને જહાંગીરાબાદમાં મકાનોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વધુ મકાનોના આયોજન બાબતે ભાર મૂકયો હતો.

આ પ્રસંગે રાજય આયોજન પંચના મા.ઉપાધ્યક્ષશ્રી નરહરી અમીને જણાવ્યું હતું કે મા.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શુભારંભ કરાયેલ આ ગરીબ કલ્યાણ મેળાનો હેતુ ગરીબ સ્ત્રી પુરૂષોને સ્વાવલંબી બનાવવાનો છે.ગુજરાત સરકાર દ્વારા ગરીબોને આર્થિક સહાય આપવામાં આવે છે. સરકારની યોજનાઓની માહિતીના અભાવે લોકોને યોજનાઓનો લાભ મળતો ન હતો. જે આજે લાભાર્થીઓને હાથો હાથ પહોંચાડવામાં આવે છે. સરકારે ગરીબ વર્ગ માટે અનેકવિધ યોજનાઓ બનાવી છે. જેને સફળ બનાવવા સહયોગ આપવો જરૂરી છે. મા.વડાપ્રધાનશ્રીની અપેક્ષા મુજબ ગામડા અને શહેરોના વિકાસ થાય એ બાબતે કટિબધ્ધતા દર્શાવવા જણાવ્યું હતું.

મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે માનવીની દશા અને દિશા કેવી રીતે બદલાય તેનુ આ ગરીબ કલ્યાણ મેળો પ્રત્યક્ષ ઉદાહરણ છે. સુરત મહાનગરપાલિકાના વિકાસના કામો માટે મા.મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે સુરતને જકાતની આવકમાં ૧૫% નો વધારો કરી આપ્યો અને મેડીકલ કોલેજમાં ૧૦૦ સીટનો વધારો કર્યો તે બદલ આભાર વ્યકત કર્યો હતો. સુરત શહેર તેજ ગતિએ વિકસતુ શહેર છે.જેથી વધુમાં વધુ  નાણાંકીય સહાયની ઉદારતાથી ફાળવણી કરે એવી આશા વ્યકત કરી હતી. સુરતને સર્વશ્રેષ્ઠ શહેર બનાવવા સરકાર સહકાર આપવા જણાવ્યું હતુ. આ યોજના દ્વારા રાજય સરકાર વાસ્તવમાં "દરિદ્રનારાયણોની સેવા " આપી રહી છે. ગરીબ કલ્યાણ મેળા ઉપરાંત રાજય સરકારે રાખી મેળા,માટી મેળા, અને હાલ નવરાત્રી જેવા મેળાઓનું આયોજન કરી મહિલાઓ સ્વાવલંબી બને તે માટેના સફળ પ્રયત્નો કર્યા છે. સ્વચ્છતા અભિયાન માટે સુરત મહાનગરપાલિકાએ ૭ ઝોનમાં સ્વચ્છતાનો પ્રચાર કરાવ્યો છે. શહેરને સ્વચ્છ બનાવવા  SMC  ટીમ આગળ વધી રહી છે.

આ પ્રસંગે નાણા,ઉર્જા,પટ્રોકેમીકલ્સના મા.મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે ગરીબ મેળાના વિચાર સાથે રાજયમાં ગરીબી નાબૂદી કરવા આયોજન કર્યુ હતું. અને આજે એમાં સફળતા મળે છે. છેલ્લો દર્શકો ગુજરાતના વિકાસમાં સફળ થયો છે. રાજયના વિકાસમાં ગુજરાતને મોડલ રાજય બનાવ્યું છે.અન્ય રાજયોના મંત્રીશ્રીઓ પણ ગુજરાત મોડલ દ્વારા પોતાના રાજયનો વિકાસ કરે છે. "સર્વાંગી વિકાસ" દ્વારા દરેક વ્યકિતને લાભ મળવો જોઈએ. વિવિધ સરકારી યોજના દ્વારા દરેકને લાભ મળે તોજ ગુજરાતનો સર્વાંગી વિકાસ થશે.મા.વડાધાનશ્રીના પગલે પગલે પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીમતી આનંદીબેન પટેલે વધારે ઝડપથી નવી યોજનાથી અને સહકારથી ઘણા આગળ વધી શકીશું. સુરત ઈન્ડસ્ટ્રીયલ  હબ તરીકે ઓળખાય છે. સુરત સૌથી વધુ રોજગારી આપે છે. સુરતમા તમામ લોકોને ધંધા રોજગારી મળે છે. ફાસ્ટેસ ગ્રોઈંગ સીટીને આપણે વધારે આગળ લઈ જવાનું છે. કોટેજ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા મહિલાઓને ઉત્તેજન આપવામાં આવે છે. નાના ઉદ્યોગો માટે બેંકમાંથી લોન મેળવવામાં તકલીફ પડે છે. એ લોકોને રજીસ્ટર્ડ કરાવી બેકોમાંથી તાત્કાલીક વ્યાજની સહાય સાથે રૂા.૧૦૦,૦૦૦ની લોન આપવામાં આવશે. હાલમાં ૫૦,૦૦૦ મહિલા–પુરૂષો રજીસ્ટર્ડ થયા એમને માટે  એક ઝુંબેશ શરૂ કરવામાં આવશે. એને આવા મેળાઓ દ્વારા બેંકની લોનના ચેકો આપવામાં આવશે.બેંકોએ જે લોકોને લોન આપી છે. એમની ગેરંટી સરકાર આપશે.દ્રારકા,સોમનાથ જેવા ધાર્મિક સ્થળોએ ગુર્જરી દ્વારા માલ વેચવાની વ્યયવસ્થા કરવામાં આવી છે. એન.આઈ.ટી.જેવી સંસ્થાઓ ડીઝાઈન કરો તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોમાં માલ વેચી શકાય.આ ક્ષેત્રમાં જોડાયેલ વ્યકતિઓને મદદરૂપ બની શકાય. તેમની આવકમાં વધારો કરી શકાય. આવા ઉદ્યોગોની ફ્રેન્ચાઈઝી દ્વારા પ્રોત્સાહન આપવામાં આવશે.મા.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિદેશ યાત્રા દરમ્યાન ભારતમાં મૂડી રોકાણની શકયતાઓ વધી છે. જેમાં વિદેશીઓએ ગુજરાતમાં મૂડી રોકાણ કરવા ઉત્સાહ દાખવ્યો છે. આગામી દિવસોમાં અન્ય રાજયોનું ગુજરાતમાં મૂડી રોકાણ થવાથી ઘણો લાભ થશે. સીમેન્સ જર્મની કંપની સાથે રાજય સરકારે ૫ કોલેજો સાથે PPP મોડ પર કરાર કર્યા.૮૦ કરોડ સીમેન્સે અને રાજય સરકારે ૨૦ કરોડ મળી કુલ ૧૦૦ કરોડ રૂપિયા રાજય સરકારે આપ્યા.૫૦૦કરોડ રૂપિયા (૧) એલ.ડી. એન્જીનીયરીંગ (૨) IIT મણીનગર(૩) એમ.એસ યુનિ.વડોદરા (૪) પટ્રોલીયમ યુનિ.(૫) એસ.વી.એન.આઈ.ટી. યુનિ. સુરત યુનિવર્સિટીઓને ફાળવવામાં આવ્યા. ઉદ્યોગ વેપાર માટે  રૂા.૩ લાખ ની સહાય.ITI ના બાળકને રૂા.૧ લાખ ની સહાય આપવામાં આવે છે. ગ્રામીણ ક્ષેત્રમાં પણ દૂધ ઉત્પાદન માટે દૂધ મંડળી દ્વારા વ્યાજની સબસીડી તથા ૩૦૦ ચો.ફુટની જમીન ફાળવી તમામ સાધન સહાય માટે ૫.૮૦ લાખની સુવિધા આપવામાં આવે છે. ખેડૂતોને ખેતરમાં ગોડાઉન માટે નાબાર્ડ દ્વારા લોન મળે અને સરકાર દ્વારા સહાય મળે એવુ આયોજન કર્યુ છે. ગુજરાતમાં સર્વાંગી વિકાસ કરવો હોય તો દરેક ઘરમાં આવક વધવી જોઈએ. ગીરીબી નાબૂદી માટે પ્રથમ શિક્ષણ અનિવાર્ય છે. કન્યા કેળવણી દ્વારા શિક્ષણમાં વેગ મળ્યો છે. સરકારના કાર્યક્રમો દ્વારા ઘરે ઘરે શૌચાલય બનાવવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. સુરત પાસે કલ્પના બહારની કેપેસીટી છે. સ્વચ્છતા અભિયાન પણ કાયમી ધોરણે ચાલે તે જરૂરી છે. નાગરીકોમાં પણ આ બાબતે જાગૃતિ આવે તે જરૂરી છે. વધુમાં થોડા સમય પહેલા વડોદરામાં પુર આવ્યુ ત્યારે સુરતના સફાઈ કર્મચારીઓએ જે રીતે સફાઈ કરી તે અભિનંદનીય છે.સ્વચ્છતા અભિયાન સફળ બને એવી અભ્યર્થના વ્યકત કરી હતી.

આ પ્રસંગે લાભાર્થીઓ પોતાના પ્રતિભાવ આપતા જણાવ્યુ હતું કે સરકારની અનેક વિધ યોજના દ્વારા અમને ઘર તથા સ્વાવલંબી જીવન મળ્યુ છે.

આભારવિધી સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી નિરવ શાહ દ્વારા કરવામાં આવી હતી.આ પ્રસંગે નાણા,ઉર્જા અને પેટ્રો કેમીકલ્સના મા.મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ,સુરત મહાનગરપાલિકાના મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા,રાજય આયોજન પંચના મા.ઉપાધ્યક્ષશ્રી નરહરીભાઈ અમીન ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેનશ્રી વિવેકભાઈ પટેલ,ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના ચેરમેનશ્રમતી દર્શનાબેન વાઘેલા,ઉપસ્થિત ધારાસભ્યશ્રીઓ, શ્રી રણજીતભાઈ ગીલીટવાલા,શ્રીમતી સંગીતાબેન પાટીલ,શ્રી નરોતમભાઈ પટેલ,શ્રી મુકેશભાઈ પટેલ,શ્રી રાજાભાઈ પટેલ, વિગેરે સુરત મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણેજી,ડી.જી.વી.સી.એલના એમ.ડીશ્રી એચ.એસ પટેલ તેમજ વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ,મ્યુ.સદસ્યશ્રીઓ કર્મચારીગણ, પ્રેસ મીડીયાના મિત્રો તથા લાભાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને ગૌરવવિંત બનાવ્યો હતો. એ બદલ આભાર વ્યકત કર્યો હતો.

## સ્વચ્છ ભારત સપ્તાહ ૨૦૧૪

**સ્વચ્છ ભારત સપ્તાહ ૨૦૧૪ અંતર્ગત તા.૨૫/૦૯/૨૦૧૪ થી તા.૦૨/૦૯/૨૦૧૪ દરમ્યાન તારીખવાર કરવાની રહેતી સ્વચ્છતા સંબંધીત વિવિધ પ્રકારની કામગીરીઓ પૈકી તા.૨૮/૦૯/૨૦૧૪ ના રોજ શહેરના સાત ઝોન વિસ્તારમાં મુકવામાં આવેલ વિવિધ મહાનુભાવોની કુલ ૩૧ પ્રતિમાઓની  સાફ સફાઈની તેમજ ઝોન વિસ્તારમાં આવેલ કુલ ૫૪ બાગ–બગીચાઓની આસપાસની સફાઈની તેમજ જંતુનાશક દવાના છંટકાવની કામગીરી ઝોનની વોર્ડ ઓફિસોના કામદારો તથા સુપરવાઈઝર સ્ટાફ મારફત કરાવવામાં આવેલ છે.**